વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૧૪ ● તારીખ : ૩૧ ઓક્ટોબર ૨૦૨૪, ગુરુવાર ● વર્ષ : ૧૬ ● અંક : ૧૨૨ તંત્રી : પટેલ સુરેશ રમણલાલ ● અમદાવાદ ● કિંમત : રૂા. ૨.૦૦ ● પાના : ૮

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

હેપ્પી દિવાળી

## દિવાળી પૂર્વે એકતા નગરને મળી વિકાસની ભેટ

# પીએમ મોદીએ કર્યું ૨૮૪ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું

### વડાપ્રધાન મોદીએ ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું




। (એજન્સી) નર્મદા, તા.૩૦ ।


લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની પુર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતા નગરને મોટી ભેટ આપતાં રૂ. ૨૮૪ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ અવસરે તેમણે નવા પ્રવાસન અને આકર્ષણ કેન્દ્રોની સાથે સાથે પ્રવાસન કાર્યના વિકાસને પ્રોત્સાહન આપ તાં પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું, જે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને વધુ વૈશ્વિક પ્રતિષ્ઠા અપાવશે.તેમજ એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓને વૈશ્વિક કક્ષાની સવલતો પ્રાપ્ત થશે. વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી આજકાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. આ વૈશ્વિક પ્રવાસન સ્થળની સ્થાપનાને વધુ મજબૂત બનાવવા માટે આજે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થયું. બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અને ૫૦ બેડની ક્ષમતા ધરાવતી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ઉદ્‌ઘાટન સાથે હવે એકતા નગરમાં આરોગ્ય અને જનસુવિધાઓ બંનેને નવી ઉંચાઈ મળી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું, જેની સાથે ટ્રોમા સેન્ટર, સિટી સ્કેન, ICU, લેબર રૂમ અને ઓપરેશન થિયેટર જેવી પ્રાથમિક આરોગ્યસુવિધાઓ નાગરિકો માટે ઉપલબ્ધ થશે. આ સાથે, ICU ઓન-વ્હીલ્સની નવી સેવાઓ પણ શરુ કરવામાં આવી છે, જેને કારણે વિકટ પરિસ્થિતિઓમાં પણ તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થશે. ટ્રાફિક વ્યવસ્થાપન અને એકતાનગરની સુંદરતાને વધારવા માટે એકતા નગરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સર્કલ્સ બ્યુટીફિકેશન બનાવવામાં આવ્યા છે. ૧૦ સ્માર્ટ બસ સ્ટોપ અને ૧૦ પિક-અપ સ્ટેન્ડના નિર્માણ સાથે નગરની સગવડો વધારવામાં આવી છે, જેના પ્રથમ તબક્કાનું લોકાર્પણ આ સમારોહમાં થયું. જુલાઈ ૨૦૨૪માં SAPTI સંસ્થાના સહયોગથી યોજાયેલા ૨૦ દિવસના શિલ્પ સિમ્પોઝિયમના ભાગરૂપે 'પાણી, પ્રકૃતિ અને એકતા' પર આધારિત ૨૪ શિલ્પકૃતિઓ બનાવવામાં આવી હતી. આ શિલ્પો હવે એકતા નગરના વિવિધ જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે શહેરના પ્રવાસન અને આકર્ષણમાં વધારો કરશે.

## અયોધ્યામાં ૫૦૦ વર્ષ બાદ ભવ્ય દિવાળી

# અમે જે કહ્યું તે કરીને બતાવ્યું છે : સીએમ યોગી આદિત્યનાથ

### યોગીએ પોતાના સંબોધનમાં વિપક્ષ પર પણ પ્રહારો કર્યા તેમણે કહ્યું કે કેટલાક લોકોએ ભગવાન શ્રી રામને નકાર્યા



। (એજન્સી) લખનૌ, તા.૩૦ ।

દેશમાં દિવાળીની ઉજવણી કરવામાં આવે છે. અયોધ્યાની ભવ્યતા દેખાઈ રહી છે. રાજ્યના વડા સહિત તમામ નેતાઓ અયોધ્યા પહોંચી ગયા છે. આ પ્રસંગે સીએમ યોગીએ કહ્યું કે, આ વર્ષ અયોધ્યા માટે અદ્ભુત, અનોખું, અલૌકિક છે. ૫૦૦ વર્ષની પ્રતિક્ષાનો અંત લાવીને રામ લલ્લા ફરી એકવાર પોતાના ધામમાં બેઠા અને દુનિયાના તમામ પીડિતોને આ સંદેશ આપ્યો કે તેઓ ક્યારેય તેમના માર્ગથી ભટકી ન જાય. આજે આપણી પાસે એ તમામ આત્માઓને યાદ કરવાનો અવસર છે જેમનું આખું જીવન રામજન્મભૂમિ આંદોલનને સમર્પિત હતું. સીએમ યોગીએ કહ્યું કે, આ અવસર પર હું તે તમામ પૂજનીય સંતોને શ્રદ્ધાંજલિ આપું છું, જેમણે ૩.૫ લાખની સંખ્યામાં પોતાના જીવનનું બલિદાન આપ્યું અને એક જ ઈચ્છા સાથે આ ધરતી છોડી દીધી કે અયોધ્યામાં ગમે તે થાય, આ પૃથ્વી પર રામ મંદિરનું નિર્માણ કરવું જોઈએ. તેમનો સંકલ્પ પૂરો થયો. રામલલાના રાજ્યાભિષેક પછી દીપોત્સવનો આ પ્રથમ પ્રસંગ છે. આ પહેલા અમે બોલતા હતા અને અમે જે કહ્યું તે કરીને પ્રદર્શન પણ કરતા હતા. સીએમ યોગીએ પોતાના સંબોધનમાં વિપક્ષ પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કેટલાક લોકોએ ભગવાન શ્રી રામને નકાર્યા છે. અસ્તિત્વ પર પ્રશ્નો ઉભા થયા. હવે આ લોકો સનાતનના અસ્તિત્વ પર સવાલો ઉઠાવી રહ્યા છે. અયોધ્યા સનાતન ધર્મની શરૂઆત છે. સનાતન ધર્મે ક્યારેય કોઈનું નુકસાન કર્યું નથી, બધાને અપનાવ્યા છે. માનવતા અને વિકાસના માર્ગમાં જે કોઈ અવરોધ ઊભો કરશે તેને ઉત્તર પ્રદેશના માફિયા જેવા જ ભાવિનો સામનો કરવો પડશે. સીએમ યોગીએ કહ્યું, અમે જે કહ્યું હતું તે ૨૦૧૭ પછી અયોધ્યામાં થઈ રહ્યું છે. અયોધ્યામાં ફરીવાર પોતાને સાબિત કરવાનો વારો છે. આ માટે અયોધ્યાના લોકોએ ફરી આગળ આવવું પડશે અયોધ્યાને દેશની પ્રથમ સોલર સિટી બનાવવામાં આવી છે. દીપોત્સવ એ અયોધ્યાની ભેટ છે, દીપોત્સવ પહેલા ક્યાં ઉજવાતો હતો? દીપોત્સવ સમારોહ પહેલા અયોધ્યા પહોંચેલા સીએમ યોગી અને અન્ય નેતાઓએ ભગવાન રામના રથને રામ દરબાર સ્થળ સુધી ખેંચી લીધો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ઓમર અબ્દુલ્લાના ધારાસભ્યની રેલીમાં ટોળા દ્વારા હુમલો કરાયો

। (એજન્સી) જમ્મુ, તા.૩૦ ।

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના ધારાસભ્યની રેલીમાં ભારે ધમાલ મચી હતી. ટોળાએ રેલીમાં હુમલો કરતા સ્થિતિ તંગ બની છે, જેમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દરમિયાન અનેક વાહનોને પણ નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં પોલીસ અધિકારીઓએ સ્થળ પર દોડી આવીને કાર્યવાહી કરી છે. પોલીસે સ્થિતિને કાબુ કરવા માટે ટોળા પર ટીયર ગેસના સેલ છોડ્યા છે. બીજી તરફ નેશનલ કોન્ફરન્સે હુમલા પાછળ ભાજપનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે, તો બીજીતરફ ભાજપે પણ વળતો જવાબ આપ્યો છે. પોલીસે જણાવ્યું કે, મારમારીમાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમને તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

### મહારાષ્ટ્રમાં ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે દિગ્ગજ મંત્રી પડ્યા મોડા

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૩૦ ।

મહારાષ્ટ્રમાં ચૂંટણી લડવા માટે ઉમેદવારની નોંધણી કરાવવાની છેલ્લી તારખી ૨૯ ઓક્ટોબર હતી. જોકે, મહારાષ્ટ્રના નાગપુરમાં સેન્ટ્રલ બેઠક પર નામાંકન દરમિયાન જોરદાર ડ્રામા જોવા મળ્યો હતો. કોંગ્રેસના પૂર્વ નેતા અને મંત્રી રહી ચુકેલા અનીસ અહેમદ બે મિનિટ મોડા પહોંચતા ઉમેદવારી નોંધાવી શક્યા ન હતાં. જેના માટે તેઓએ ઘણી મુશ્કેલીઓને કારણ જણાવ્યું, પરંતુ અધિકારીઓએ તેમની કોઈ વાત ન સાંભળી. નોંધનીય છે કે, નામાંકનનીની પ્રક્રિયા સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી શરૂ હોય છે.

## ઇઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ જારી

# ગાઝામાં ઈઝરાયેલે બોમ્બારો કર્યો, ૮૮ લોકો માર્યા ગયા

### ઈઝરાયેલે તાજેતરના અઠવાડિયામાં ઉત્તર ગાઝામાં હવાઈ હુમલામાં વધારો કર્યો છે અને મુખ્ય ભૂમિ અભિયાન શરૂ કર્યું છે

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૩૦ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. ઈઝરાયેલની સેના ગાઝામાં સતત ઝડપી હુમલા કરી રહી છે. દરમિયાન, ઉત્તરી ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ દ્વારા તાજા હવાઈ હુમલામાં ઘણી મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૮૮ લોકોના મૃત્યું થયા છે. સ્વાસ્થ્ય અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. હોસ્પિટલના એક ડિરેક્ટરે કહ્યું કે, જીવલેણ ઈજાઓથી પીડિત દર્દીઓના ઈલાજ નથી કરવામાં આવી રહ્યાં કારણકે ગયા અઠવાડિયે ઈઝરાયલી દળો દ્વારા દરોડા દરમિયાન કેટલાક ચિકિત્સકોની અટકાયત કરવામાં આવી હતી.

ઈઝરાયેલે તાજેતરના અઠવાડિયામાં ઉત્તર ગાઝામાં હવાઈ હુમલામાં વધારો કર્યો છે અને મુખ્ય ભૂમિ અભિયાન શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે આ હમાસના આતંકવાદીઓને ખતમ કરવા માટે છે જેઓ એક વર્ષથી વધુના યુદ્ધ પછી ફરી એકઠા થયા હતા. તાજેતરમાં, ગાઝાની એક હોસ્પિટલમાંથી ૧૦૦ હમાસ આતંકવાદીઓને ઈઝરાયલી સૈનિકોએ પકડી લીધા હતા.

યુદ્ધના કારણે ઉત્તરી ગાઝામાં હજારો પેલેસ્ટાઈનીઓની હાલત સતત ખરાબ થઈ રહી છે. ગાઝા સુધી અપૂરતી સહાય પહોંચવાને કારણે મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે. ઈઝરાયેલની સંસદે એક કાયદો પસાર કર્યો છે જે પેલેસ્ટિનિયન શરણાર્થીઓ સાથે કામ કરતી યુએન એજન્સી માટે ગાઝાને સહાય પૂરી પાડવાનું અત્યંત મુશ્કેલ બનાવશે. ઈઝરાયેલ ગાઝા અને કબજે કરેલ વેસ્ટ બેંક બંનેને નિયંત્રિત કરે છે અને તે અસ્પષ્ટ છે કે એજન્સી ત્યાં કેવી રીતે કાર્ય કરશે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયની ઈમરજન્સી સર્વિસે જણાવ્યું હતું કે મંગળવારે ઉત્તરી ગાઝાના બીટ લાહિયા શહેરમાં બે હુમલાઓ થયા હતા.

### મૂકેશ અંબાણીની દિવાળી શોપિંગ, ખરીદી લીધી અંગ્રેજોની કંપની

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક અને એશિયાના અગ્રણી બિઝનેસમેન મુકેશ અંબાણીએ દિવાળી પહેલા મોટી શોપિંગ કરી છે. મુકેશ અંબાણીની કંપનીએ બ્રિટિશ કંપનીનો સંપૂર્ણ હિસ્સો ખરીદ્યો છે. વર્ષ ૨૦૨૧માં થયેલી આ ડીલમાં હવે તેણે કંપનીનો બાકીનો હિસ્સો પણ ખરીદી લીધો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની બ્રિટિશ કંપની પેરેડિયન લિમિટેડનો બાકીનો ૮ ટકા હિસ્સો પણ ખરીદવામાં આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કંપની રિલાયન્સ ન્યૂ એનર્જીએ બ્રિટિશ કંપની ફેરાડિયનનો સંપૂર્ણ હિસ્સો ખરીદી લીધો છે. વર્ષ ૨૦૨૧માં થયેલા આ સોદામાં રિલાયન્સ ન્યૂ એનર્જી સોલર લિમિટેડ હવે ૮ ટકા હિસ્સો ધરાવે છે. તમને જણાવી દઈએ કે બ્રિટિશ કંપની Faradion Sodian Ion બેટરી ટેક્નોલોજી પર કામ કરે છે. તમને જણાવી દઈએ કે રિલાયન્સ ન્યુ એનર્જી સોલાર લિમિટેડ જામનગરમાં ધીરુભાઈ અંબાણી ગ્રીન એનર્જી સ્ટોરેજ ગીગાફેક્ટરીમાં ફેરાડિયનની અદ્યતન ટેકનોલોજી અપનાવશે.
















**ન્યૂઝ બ્રિફ**

## ટેકાના ભાવની ખરીદી માટેની નોંધણીની તારીખ લંબાવાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

ગુજરાતના ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ અને આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતો નોંધણી કરાવી શકે તે માટે નાફેડનું ઈ-સમૃદ્ધિ પોર્ટલ તા. ૦૩-૧૦-૨૦૨૪ થી તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે ખરીદીના લાભથી વંચિત ન રહી જાય તે માટે આ નોંધણી પ્રક્રિયા આગામી તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કુલ રૂ. ૭૬૪૫ કરોડના મૂલ્યની ૧૧.૨૭ લાખ મેટ્રિક ટન મગફળી, રૂ. ૪૫૦ કરોડના મૂલ્યની ૯૨૦૦૦ મેટ્રિક ટન સોયાબીન, રૂ. ૩૭૦ કરોડના મૂલ્યની ૫૦૯૭૦ મેટ્રિક ટન અડદ અને રૂ. ૭૦ કરોડના મૂલ્યની ૮૦૦૦ મેટ્રિક ટન મગની મળીને કુલ રૂ.૮૪૭૪ કરોડના મુલ્યની આશરે ૧૨.૭૮ લાખ મેટ્રિક ટન જણસીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## સુરતમાં દીપડો સાત વર્ષના બાળકને ખેચી ગયો, કુટુંબ આઘાતમાં

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઉશ્કેર ગામમાં દીપડો સાત વર્ષના બાળકને ખેંચી ગયો હતો. મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાનો અને સુરત જિલ્લામાં શેરડી કાપનાર આ મજૂર પરિવાર માંડવી તાલુકાના ઉશ્કેર ગામની આસપાસના છાવણીમાં રહેતો હતો. ત્યારે ગઈકાલે સાંજે મજૂર પરિવારનો સાત વર્ષનો અજય લાલસિંહ વસાવ ઘરની બહાર રમી રહ્યો હતો. દરમિયાન એક દીપડો આવ્યો અને બાળકને નજીકના ખેતરમાં ખેંચી ગયો હતો અને તેને ફાડી ખાધો હતો. બાળક જોવા ન મળતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દીપડાના પંજાના નિશાન જોઈ માંડવી વન વિભાગની ટીમને જાણ કરી હતી. દરમિયાન કેમ્પથી ૩૦૦ મીટર દૂર શેરડીના ખેતરમાં એક બાળક મૃત હાલતમાં મળી આવ્યો હતો. ઘટના બાદ માંડવી પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.આર.ચોસલા અને માંડવી ફોરેસ્ટ ઓફિસર એચ.જે.વંદા અને તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. બાળકના મૃતદેહનો કબજો લઈ નજીકના આરોગ્ય કેન્દ્રમાં રાહત અર્થે લઈ જઈ પી.એમ. વન વિભાગની ટીમે દીપડાના હુમલાના સ્થળની આસપાસના વિસ્તારોમાં મારણ સાથેના ૧૦ પાંજરા ગોઠવ્યા હતા. તેમજ ૭ ટીમોએ કામગીરી શરૂ કરી હતી. દરમિયાન, બાળકને ફાડી ખાધા પછી, માનવભક્ષી દીપડો થોડા કલાકો પછી બાકીના શિકારને ખાવા માટે ફરીથી આવ્યો અને પાંજરામાં પૂરો થયો.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિવારને રાષ્ટ્રીય એકતા અને અખંડતા માટે હંમેશા સમર્પિત રહેવાના શપથ લેવડાવ્યા હતા**





। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે રાજભવન પરિસરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રીય એકતા, અખંડતા અને દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા પોતાનું યોગદાન આપવાના સંકલ્પ લેવડાવ્યા હતા.

રાજભવનના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને સુરક્ષા કર્મીઓએ દેશવાસીઓમાં સરદાર વલ્લભભાઈ પટેલની દૂરદર્શિતા અને કાર્યોનો સંદેશ ફેલાવવાના સંનિષ્ઠ પ્રયત્નો કરવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

**ઉશ્કેરાયેલા પતિએ માથામાં ધોકો ફટકારતા પત્ની મોતને ભેટી**

## મોરબીમાં ફટાકડા ખરીદવા મુદ્દે ઝઘડો થતાં પતિએ પત્નીની હત્યા કરી નાખી

**આ મામલે પોલીસે હત્યા કરીને ફરાર થઇ ગયેલા આરોપી પતિની પકડવાની કવાયત શરૂ કરી છે**

। (એજન્સી) મોરબી, તા.૩૦ ।

મોરબીના તળાવીયા શનાળા ગામે રહેતા અને ખેતરમાં રહીને મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના પરિવારમાં પતિ-પત્ની વચ્ચે ફટાકડાની ખરીદી મુદ્દે ઝઘડો થયો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા પતિએ પત્નીને લાકડાનો ધોકો માથામાં ફટકારતાં, સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. હત્યાના આ બનાવમાં મૃતક મહિલાના કૌટુંબિક ભાઈની ફરિયાદ લઈને પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી પતિને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.જાણવા મળતી માહિતી પ્રમાણે, મોરબીના તળાવિયા શનાળા ગામે રજનીભાઈની વાડીએ રહીને મજૂરી કામ કરતા અને મૂળ મધ્યપ્રદેશના સરદારપુર જિલ્લાના ધાર વિસ્તારમાં રહેતા નરબેસિંગ ભગાસિંગ મેડા તેમના પત્ની ભૂરીબેન નરબેસિંગ મેડી (ઉ.૩૮) તથા પરિવારજનો છેલ્લા પાંચ-છ વર્ષથી અહીં મોરબી ખાતે રહીને ખેત મજૂરીનું કામ કરતા હતા. દરમિયાનમાં આગામી દિવસોમાં દિવાળીનો તહેવાર હોવાથી સંતાનો માટે ફટાકડાની ખરીદી માટે ભુરીબેને તેના પતિને ૫૦૦ રૂપિયા આપ્યા હતા અને ફટાકડા ખરીદી કરવા માટે નરબેસિંગ અને બાળકો મોરબી આવ્યા હતા. ત્યારબાદ ફટાકડાની ખરીદી કરીને પરત તળાવીયા શનાળા ગામે ગયા હતા અને ત્યારે ૫૦૦ રૂપિયાના ફટાકડાની ખરીદી મુદ્દે પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને ઝઘડો થયો હતો. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા નરબેસિંગ મેડા દ્વારા ત્યાં બાજુમાં પડેલા લાકડાના ધોકા વડે તેના પત્ની ભુરીબેન નરબેસિંગ મેડા (ઉ.૩૮)ને માર મારવામાં આવ્યો હતો. જેના લીધે ગંભીર ઈજાઓ થવાથી ભુરીબેન મેડાનું મોત નીપજ્યું હતું. જેથી મારામારીનો બનાવ હત્યામાં પલટાયો હતો.બનાવ સંદર્ભે મૃતકના ફૈબાના દીકરા દિપકભાઈ બગાભાઈ ડામોર (ઉ.૩૫) રહે.તળાવિયા શનાળા ગામની સીમમાં રજનીભાઈની વાડીએ વાળાએ હાલ તેના કૌટુંબીક બનેવી નરબેસિંગ ભગાસીંગ મેડા (હાલ રહે. તળાવીયા શનાળા તા.મોરબી મૂળ મધ્યપ્રદેશ) સામે ફરિયાદ નોંધાવી હતી.

**વીજ બચત માટે 'ગુજરાત પોલીસ'ની અનોખી પહેલ**

## પોલીસ વિભાગની ઇમારતોની છતો ઉપર સોલાર પેનલોનું ઇન્સ્ટોલેશન કરાવાશે

**ગાંધીનગર પોલીસ અધિક્ષકની કચેરી ખાતે મળીને ૨૩૭ કિલો વોટની ક્ષમતા ધરાવતી સોલર રૂફટોપ સિસ્ટમ અલગ અલગ ઇમારતોના છત પર ઈન્સ્ટોલ કરવામાં આવી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

રાજ્યમાં પ્લાસ્ટીકની બોટલનો સ્થળ ઉપર જ નિકાલ લાવવા માટે ગુજરાત પોલીસ દ્વારા અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરુપે, ઉર્જા વિભાગની મદદથી તમામ જિલ્લાઓમાં ગુજરાત પોલીસ વિભાગની કાર્યરત ઈમારતોની છતો ઉપર સોલાર પેનલ ઈન્સ્ટોલેશન કરવાનું નક્કી કરાયું છે. જેના દ્વારા વીજળીની મહત્તમ વીજ બચત કરવામાં આવશે. ગાંધીનગર સ્થિત પોલીસ ભવનની ઈમારતના છત ઉપર અને ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે વિવિધ બેરેક, તાલીમ સેન્ટર સહિતની ૧૨ ઈમારતોમાં મળી ૨૩૭ કિલો વૉટ જેટલી ક્ષમતા ધરાવતી સોલર રૂફટોપ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં પોલીસ અધિક્ષકની કચેરી ખાતે સોલાર પેનલ ઈન્સ્ટોલેશન કામગીરી ચાલી રહી છે અને અન્ય કચેરીઓમાં પણ તબક્કાવાર આ કામગીરી ચાલુ થશે. જેનાથી આગામી સમયમાં સરકારને કરોડો રૂપિયાની બચત થશે. પોલીસની આ નવી પહેલથી પર્યાવરણનું રક્ષણ થવાની સાથોસાથ કુદરતી સંસાધનોનો વ્યય અટકશે અને તેનો મહત્તમ સદઉપયોગ થશે. એવી જ રીતે, ગો ગ્રીન- ગ્રીન ગુજરાતના સંકલ્પ સાથે ગુજરાત પોલીસે વધુ એક પહેલ પણ કરી છે.

## રાજ્યમાં એક સપ્તાહ તાપમાન ૩૭ ડિગ્રીથી વધુ જ રહે તેવી સંભાવના

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદમાં આસો માસમાં ભાદરવા જેવી ગરમી યથાવત રહેતાં સળંગ છઠ્ઠા દિવસે ૩૭ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. હજુ એક સપ્તાહ તાપમાન ૩૭ ડિગ્રીથી વધુ જ રહે તેવી સંભાવના છે. ૩૭.૨ ડિગ્રી સાથે અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૩ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. દિવસ દરમિયાન આકરા તાપથી લોકો ત્રસ્ત થયા હતા. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના અનુમાન અનુસાર અમદાવાદમાં આગામી પાંચ દિવસમાં તાપમાન ૩૮ ડિગ્રીને પાર જઈ શકે છે. આમ, દિવાળીના તહેવારોમાં પણ ગરમીથી રાહત મળવાની સંભાવના નહિવત છે. સોમવારે રાત્રિએ અમદાવાદમાં ૨૪.૫ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૫.૪ ડિગ્રીનો વધારો નોંધાયો હતો.

## ટ્રેલર ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત બાદ લાગી આગ

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

રાજ્યમાં દિવસે અને દિવસે અકસ્માતોના બનાવો વધી રહ્યા છે ત્યારે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. ખેડામાં નેશનલ હાઈવે-૪૮ પર અકસ્માતની ઘટના બની હતી. જ્યાં ટ્રેલર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માત બાદ ટ્રેલરમાં ભીષણ આગ લાગી હતી. આ ટ્રેલર સ્ટીલની પ્લેટથી ભરેલું હતું, જ્યારે ભીષણ આગ લાગતા ટ્રેલરનું કેબિન બળીને ખાખ થઈ ગયું હતું. અકસ્માતમાં ટ્રેલરના ડ્રાઈવરનું મૃત્યુ નીપજ્યું છે. જેસીબીની મદદ વડે ડ્રાઈવરના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. નડિયાદ નજીકથી અમદાવાદથી વડોદરાને જોડતો નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે. આ હાઈવે પર પીપલગ એપીએમસી પાસે બુલેટ ટ્રેનના પિલ્લર નજીક આજે બુધવારે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં પુરપાટે આવી રહેલ ટ્રેલરના ચાલકે એકાએક પોતાનું વાહન ડિવાઈડર સાથે અથડાવ્યુ હતું. આ ટ્રેલરની ૫ ૧છળની ખુલ્લી જગ્યામાં લોખંડની સાંકળથી સ્ટીલના પ્લેટોના રોલ બાંધેલા હતા જે અકસ્માત બાદ રોલરો એકાએક કેબિન તરફ ધસી આવ્યા હતા.

## જાફરાબાદમાં ભાજપના યુવા મોરચાના પ્રમુખ ઉપર હુમલો

। (એજન્સી) અમરેલી, તા.૩૦ ।

અમરેલીના જાફરાબાદમાં ભાજપના યુવા મોરચાના પ્રમુખ પર હુમલો થયો છે. સ્ન્છ હીરા સોલંકીના જમાઈ ચેતન શિયાળ પર હુમલા મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં ૬ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. જીવલેણ હુમલાનો અને ગળામાં પહેરેલ ચેઈન લૂંટી ગયાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ચેતન શિયાળના નાના ભાઈ સાથે આરોપીઓને બબાલ થઈ હતી. બોટમાંથી મચ્છી ખાલી કરાવવા ગયા ત્યારે આરોપીઓએ ટ્રેક્ટર વચ્ચે રાખીને અપ શબ્દો કહ્યાં છે. નાના ભાઈ અને પિતાએ ચેતન શિયાળને ફોન કરીને બોલાવ્યા હતા. પહેલાં સમજાવટ બાદ મામલો ઉગ્ર બનતા ચેતન શિયાળ પર જીવલેણ હુમલો કર્યો છે. ગળામાંથી રૂપિયા ૮૦ હજારની ચેઈન લૂંટીને કુહાડીથી જીવલેણ હુમલો કર્યો હતો. આરોપી યશવંત બારૈયા, સિદ્ધાર્થ બારૈયા, સંજય બારૈયા સામે ફરિયાદ નોંધવામાં આવી છે. બોટના ટંડેલ, ટ્રેક્ટર ચાલક, અન્ય બોટના ખલાસી સહિત ૬ સામે ગુનો નોંધાયો છે. ચેતન શિયાળ ભાવનગરની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## દિવાળીના તહેવારો દરમિયાન એસ.ટી વિભાગ દ્વારા વધુ ૨૨૦૦ બસો દોડાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

દિવાળીના તહેવારોમાં સૌ કોઈ પોતાના પરિવારજનો સાથે ઉજવણી કરતા હોય છે ત્યારે એસ.ટી નિગમના ડ્રાઈવર-કંડક્ટર પોતાના પરિવાર સાથે તહેવારો ઉજવવાની ઈચ્છાનો ત્યાગ કરીને આપણી સેવામાં ફરજરત છે. આપણે સૌ આરામદાયક સવારી સાથે આપણા સગા-સ્નેહીઓ પાસે જઈને તહેવારની મજા માણી શકીએ તે માટે ખુબ જ નિષ્ઠા સાથે ડ્રાઈવર-કંડક્ટર ઓવરટાઈમ કરીને પણ પોતાની ફરજ અદા કરી રહ્યા છે.

વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ તમામ ડ્રાઈવર-કંડક્ટર તેમજ આ બસો કોઈ પણ તકલીફ વિના ચાલે તે માટે સતત ચિંતા કરતા મિકેનિક સહિતના એસ.ટી નિગમના કર્મચારીઓને તેમની આ સેવા માટે અભિનંદન પાઠવ્યા છે. દિવાળીના તહેવારોમાં કોઈને મુસાફરીમાં અગવડ ન પડે તેની ખાસ કાળજી રાખીને એસ.ટી વિભાગ દ્વારા તા.૨૨મી ઓક્ટોબર થી તા.૨જી નવેમ્બર સુધી ૨૨૦૦ વધુ બસો દોડાવી વધારાની ૮ હજાર ટ્રીપનું સંચાલન કરવામાં આવી રહ્યુ છે. તેવી જ રીતે લાભ પાંચમથી અગીયારસ દરમિયાન વધારાની ટ્રીપનું સંચાલન કરવામાં આવશે.

પોતાના પરિવાર સાથે દિવાળીના તહેવારો મનાવવાની ઈચ્છાનો ત્યાગ કરીને આપણા સૌને સમયસર મુકામે પહોંચાડવા એસ.ટી નિગમના ૧૧ હજાર જેટલા ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિક સહિતના કર્મચારીઓ ફરજ પર તૈનાત છે. નોંધનીય બાબત એ છે કે, આ કર્મચારીઓમાં ૧૫૦ થી વધુ મહિલા કંડક્ટરનો પણ સમાવેશ થાય છે. તહેવારો દરમિયાન રાજ્યના નાગરિકોને ઘર આંગણે જ બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે 'એસ.ટી આપને દ્વારે' પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગ્રુપમાં વતન કે બહારગામ જવા ઈચ્છુક લોકો બસનું બુકિંગ કરી ઘર આંગણે સેવા મેળવી શકે છે. આ પ્રોજેક્ટનો તહેવારોમાં લોકો મહત્તમ લાભ લઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ પાંચ જ દિવસમાં ૨૮૯ બસોના બુકિંગ થયું છે. જેમાં ૪ હજાર લોકોએ આ સેવાનો લાભ લઈ લીધો છે અને ૧૧ હજાર જેટલા લોકો દિવાળી અને નૂતન વર્ષના દિવસે ઘર આંગણે બસ સુવિધાનો લાભ લેશે.

**વિશેષ** | **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અનોખી પરિવાર ભાવના । રાજ્યના મંત્રીમંડળના મંત્રીશ્રીઓ પણ જુદાં-જુદાં નગરો-ગામોમાં પી.એમ.એ.વાય. લાભાર્થી પરિવારો દિવાળી ઉજવશે**


# ગાંધીનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના પોતિકા ઘરમાં દિવાળી મનાવી રહેલા લાભાર્થી પરિવારો સાથે મુખ્યમંત્રીશ્રી દિવાળીનું પર્વ મનાવશે

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દિપાવલીના પર્વમાં અનોખી સંવેદનાસભર પરિવારભાવના વધુ એકવાર ઉજાગર કરી છે. ઉમંગ અને ઉલ્લાસના અજવાળા પાથરતો દીપોત્સવનો આ તહેવાર તેઓ ગાંધીનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના પોતિકા ઘરમાં દિવાળી મનાવી રહેલા લાભાર્થી પરિવારો વચ્ચે રહીને, તેમની ખુશાલીમાં સહભાગી થઈને મનાવશે. ગાંધીનગરની આ નમોનારાયણ રેસીડન્સીમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧૨૦૮ આવાસોનું ફેબ્રુઆરી-૨૦૨૪માં લોકાર્પણ થયું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને પોતીકું આવાસ છત્ર આપવા આ પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરાવી છે.આવી પ્રધાનમંત્રી આવાસ યોજના વસાહતોમાં વસવાટ કરતા પરિવારો સાથે મળીને સૌહાર્દભાવથી રંગેચંગે ઉત્સવો-તહેવારોની ઉજવણી કરતા હોય છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આવા પરિવારોના સ્વજન તરીકે આ વર્ષની દિવાળીની ઉજવણી પી.એમ. એ.વાય. લાભાર્થીઓ સાથે કરવાનો સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવ્યો છે. ગાંધીનગરના સરગાસણની પ્રધાનમંત્રી આવાસ યોજના વસાહત "નમોનારાયણ રેસીડન્સી"ના પરિવારો સાથે દિવાળી ઉત્સવ ઉજવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ૩૧ ઓક્ટોબરે સાંજે ૭ કલાકે આ આવાસ યોજના વસાહતની મુલાકાતે જવાના છે. મુખ્યમંત્રીશ્રી આ આવાસ વસાહતમાં દિપાવલી પર્વની ઉજવણીમાં પરિવારો સાથે સ્નેહમિલન દ્વારા નૂતન વર્ષ શુભેચ્છાઓ પણ પાઠવશે. મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી મંત્રીમંડળના મંત્રીશ્રીઓ પણ રાજ્યના અન્ય શહેરો-ગામોમાં આવા પી.એમ. એ.વાય.ના લાભાર્થી પરિવારો સાથે દિપાવલી ઉત્સવમાં સહભાગી થવાના છે. તદઅનુસાર, મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વલસાડના ભાગડાવાડામાં પી.એમ. એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ મહેસાણાના રંગપુરમાં પી.એમ. એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ જામનગરના બેડીમાં પી.એમ. એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, બલવંતસિંહ રાજપૂત પાટણના સિદ્ધપુરમાં પી.એમ.એ.વાય. (ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા અમરેલીના બાબરા તાલુકામાં ખાખરીયા, કરીયાણા તથા કુવરગડમાં અને નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા અમરેલી તાલુકાના નાના મચીયાળામાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી મુળુભાઈ બેરા દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકાના સિહણ કાકભાઈમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર મહીસાગરના સંતરામપુર તાલુકાના બકટવાડામાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયા રાજકોટના વાવડીમાં પી.એમ.એ.વાય. (શહેરી)ના લાભાર્થીઓ સાથે, મંત્રી સર્વે શ્રી હર્ષભાઈ સંઘવી સુરતના પાલનપોરમાં, શ્રી મુકેશભાઈ પટેલ સુરતના વાંકલામાં તથા શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા સુરતના નનસાડામાં પી.એમ.એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા અમદાવાદના બોપલમાં પી.એમ.એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી બચુભાઈ ખાબડ દાહોદના ધાનપુર તાલુકાના અગાસવાણીમાં પી.એમ.એ.વાય. (ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી ભીખુસિંહ પરમાર અરવલ્લીના મોડાસા તાલુકાના ડવલીમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતી તાપીના વલોડ તાલુકાના કમાલછોડમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણભાઈ શુક્લ વડોદરાના સેવાસીમાં પી.એમ.એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલ ડાંગના સુબીર તાલુકાના નટકિયા હનવંતમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, નાયબ મુખ્ય દંડકશ્રી રમણસિંહ સોલંકી આણંદના જોલ અને ગનામાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે અને નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના ભડિયાડમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે દિવાળીના પર્વની ઉજવણી કરશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨


Ministry of Home Affairs
Government of India
STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत
ભારતની એકતાના શિલ્પી
સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે
રાષ્ટ્રીય એકતા દિવસ 2024
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ અને રાષ્ટ્રજોગ સંદેશ
વિવિધ કાર્યક્રમો:
• રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ
• ભારતીય વાયુસેનાનું ફ્લાયપાસ્ટ (સૂર્યકિરણ)
• ડેર ડેવિલ રાઈડર્સ શો
• ટ્રેડિશનલ માર્શલ આર્ટ
• નારી શક્તિની ઉજવણી રૂપે ગુજરાત મહિલા પોલીસ દ્વારા ‘અતુલ્ય ભારત’ થીમ પર કાર્યક્રમ
• એન.સી.સી. દ્વારા ખાસ પ્રદર્શન
• સ્કૂલ બેન્ડ ડિસ્પ્લે
• સાંસ્કૃતિક કાર્યક્રમ
WELCOME TO SARDAR SAROVAR
“સરદાર પટેલની જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ આપણાં માટે માત્ર એક તારીખ નથી. પરંતુ ભારતના સામર્થ્યને દર્શાવતું એક પર્વ છે”
– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી
તારીખ: 31 ઓક્ટોબર, 2024 | સમય: સવારે 07:15 વાગ્યાથી | સ્થળ: એકતાનગર, ગુજરાત
સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યુઝ ચેનલ પર
DD NEWS

## તંત્રી લેખ...

## હરિયાણા હાઇકોર્ટે એક અપરાધીને ૫૦૦૦ છોડ વાવવાનો આદેશ આપ્યો

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ભારત વિરોધી નારા લગાવનારા ભોપાલ નિવાસી ફૈઝાન ખાનને તિરંગાને ૨૧ વખત સલામી આપવાની સાથે સાથે 'ભારત માતા કી જય' નારા બોલવાની સજા આપી હતી. આ ખુદમાં એક અનોખી સજા છે જેને રેખાંકિત કરવી જોઈએ. આવા નિર્ણયો આશા જગાવે છે. તેનાથી સમાજમાં સમભાવનો સંદેશ જાય છે. કેટલાંક વર્ષ પહેલાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે એક અપરાધીને પાંચ હજાર છોડ વાવવાનો આદેશ આપ્યો હતો. એ જ રીતે કલકત્તા હાઈકોર્ટના જજ અમિતાભ લાલા કોર્ટ જતી વખતે કોઈ રેલીમાં ફસાઈ ગયા, તો કોર્ટ પહોંચીને તેમણે સૌથી પહેલો એ આદેશ બહાર પાડ્યો કે હવે કાર્યાલયના દિવસોમાં રેલી કે જુલૂસ નહીં કાઢી શકાય. માત્ર શનિવાર-રવિવારે જ આ પ્રકારનાં આયોજન કરી શકાશે. ભોપાલની જ એક અદાલતે ચાર વર્ષ પહેલાં એક અનોખો ચુકાદો સંભળાવ્યો હતો, જેમાં ૬૬ વર્ષની વૃદ્ધા માને ઘરેથી કાઢી મૂકનારા પુત્રોને કહ્યું કે તેઓ મહિનામાં એક દિવસ વૃદ્ધાશ્રમમાં જઈને વૃદ્ધોની સેવા કરે. આ દરમ્યાન તેઓ વૃદ્ધાશ્રમમાં બુઝુર્ગો સાથે તસવીર પણ પડાવે. તેનો રેકોર્ડ રાખે અને એડીએમની કોર્ટમાં રજૂ કરે. એવું તેમણે સતત છ મહિના સુધી કરવું પડશે, જેથી તેમને એ વાતનો અહેસાસ થઈ શકે કે એકલા રહેનારા બુઝુર્ગોની પીડા શું હોય છે. લોકોને યાદ હશે કે ૧૯૭૧માં એક ફિલ્મ આવી હતી 'દુશ્મન.' આ ફિલ્મમાં ટ્રક ડ્રાઈવર નાયકથી તેના વાહન નીચે આવવાથી એક વ્યક્તિનું મોત થઈ જાય છે, જજ તેને મૃતકના પરિવારની જવાબદારી લેવાની સજા આપે છે. જેઓ જાણીજોઈને અપરાધ કરે છે, તેના માટે સજા એવી હોવી જોઈએ કે બીજા તેને એક ચેતવણી રૂપે લે. કેટલું સારું થશે કે કોઈ ધારાસભ્ય સજા રૂપે ગાંધી સાહિત્ય વાંચીને દર મહિને કોર્ટ જઈને તેનાથી સંબંધિત પોતાના વિચારોથી વાકેફ કરાવે! એ.સી. રૂમોમાં બેસનારા અધિકારી આકરા તડકામાં ખેતરોમાં કામ કરતા ખેડૂતોને જુએ! મોટા-મોટા ઉદ્યોગપતિઓની પત્નીઓ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જઈને તેમના જીવનનું બારીકીથી અધ્યયન કરે! ટ્રાફિકના નિયમો તોડનારા શહેરના ભીડભર્યા રસ્તા પર સાયકલ ચલાવે! ભ્રષ્ટ લોકસેવકો પાસેથી તમામ સંપત્તિ તેમને દંડિત કરવાની તારીખથી મૂલ્ય સહિત પાછી લેવામાં આવે! મનુષ્યની પ્રવૃત્તિ હોય છે, વહેણ સાથે ચાલવું. જેઓ વહેણ સાથે ચાલે છે તેમની પાસે કોઈ પ્રકારના નવા કાર્યની આશા ન રાખી શકાય.

## એલએસી પર ચાર વર્ષના ટકરાવ બાદ ચીન ભારત સાથે સૈન્ય તણાવ ઘટાડવા રાજી

વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે એલએસી પર ચાર વર્ષના ટકરાવ બાદ ચીન ભારત સાથે સૈન્ય તણાવ ઘટાડવા રાજી થઈ ગયું. પ્રશ્ન છે કે શું ચીન આ સૈન્ય આક્રમકતાથી પોતાનો કોઈ ઉદ્દેશ્ય હાંસલ કરી શક્યું? આ આક્રમક સૈન્ય તૈનાતી પાછળ ચીનનો પહેલો ઉદ્દેશ્ય હતો કે તે ભારતને સંદેશ આપે કે ૧૯૭૧ના યુદ્ધ બાદ નિયંત્રણ રેખા પાર કરીને પાકિસ્તાનમાં બોમ્બમારો કરવા, કલમ ૩૭૦ સમાપ્ત કરવા અને લદ્દાખને કેન્દ્રશાસત પ્રદેશ બનાવવા જેવા પગલાં બાદ તે હવે બસ કરે. ચીન એમ પણ ઈચ્છતું હતું કે ભારત જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના એ હિસ્સા, જે ચીન અને પાકિસ્તાનના કબ્જામાં છે, તેને લઈને કોઈ મોટી મહત્ત્વાકાંક્ષા ન રાખે. ચીન કોઈ સ્થિતિમાં એમ નહોતું ઈચ્છતું કે ભારત ગિલગિટ-બાલ્ટિસ્તાન તરફ પગલું ભરે, કારણ કે એવું થશે તો ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર તો ખતરામાં પડી જ જશે, ભારતનો પારંપરિક ભૌગોલિક સંપર્ક અફઘાનિસ્તાન, મધ્ય એશિયા, યુરોપ અને રશિયા સાથે જોડાઈ જશે. એ ભારતને બહુ આસાનીથી એશિયાની સૌથી મોટી ભૂરાજકીય અને ભૂઆર્થિક મહાશક્તિ બનાવી દેશે. ચીનનો બીજો ઉદ્દેશ્ય હતો કેટલાય સ્થાનો પર વાસ્તવિક નિયંત્રણ રેખાને ભારત તરફ ખસેડવી. ત્રીજો ઉદ્દેશ્ય હતો કે ભારતની સૌથી મોટી ચિંતા એટલે કે બે મોરચે યુદ્ધની હાલતને મૂર્ત રૂપ આપવામાં આવે. તેમાં તે સફળ ન થઈ શક્યું, કારણ કે આર્થિક સંકટ અને આંતરિક અસ્થિરતાથી ઘેરાયેલા પાકિસ્તાને સૈન્ય તણાવ વચ્ચે જ ભારત સાથે નિયંત્રણ રેખા પર સંઘર્ષ વિરામ સમજૂતી કરી લીધી. ગલવાનની સૈન્ય અથડામણમાં પોતાના દઢ વલણ અને સૈન્ય તણાવ વચ્ચે કૈલાસ રેન્જની કેટલીક વ્યૂહાત્મક ટોચ પર કબ્જો કરવા જેવા પગલાંના માધ્યમથી ભારતે સ્પષ્ટ કરી દીધું હતું કે તે જોર-જબરદસ્તીથી વાસ્તવિક નિયંત્રણ રેખાને ખસવા નહીં દે. સૈન્ય તણાવ ખતમ કર્યા વિના સંબંધોને સામાન્ય કરવાની રટ લગાવનારા ચીનને સીમા પર તણાવ ઘટાડવા માટે રાજી થવું પડ્યું. આ મોદી સરકારની કૂટનીતિક સફળતા છે. આ ઘટનાક્રમે ભારત અને ચીન, બંનેને એકબીજાને સાપેક્ષ શક્તિ વિસ્તારની સીમાઓ દેખાડી દીધી છે. હવે જ્યાં એ સ્પષ્ટ છે કે ચીન સૈન્ય તાકાત અને કમજોર પડતા દોસ્ત પાકિસ્તાનના જોરે નવા ભારતને દબાવી નહીં શકે, ત્યાં જ ભારત માટે પણ એ સ્પષ્ટ છે કે ગિલગિટ-બાલ્ટિસ્તાન જેવા પોતાના ભૂભાગોને પાછા મેળવવાના લ-યને પ્રાપ્ત કરવા લાયક સૈન્ય અને આર્થિક શક્તિ એકઠી કરવી હજુ બાકી છે. ચીન સાથે સૈન્ય તણાવ વચ્ચે દિલ્હીને જે રીતે કિસાન આંદોલનના નામે મહિનાઓ સુધી ઘેરવામાં આવ્યું હતું અને ગણતંત્ર દિવસ પર લાલ કિલ્લા પર હુમલો કરીને જેવો ઉત્પાત મચાવવામાં આવ્યો, તેણે એ દર્શાવ્યું કે ભારત આંતરિક મોરચે કેટલું નબળું છે. ભારત હજુ સાઈબર યુદ્ધ, ડ્રોન ટેકનિક અને એઆઈ વગેરેમાં ચીન કરતાં માઈલો પાછળ છે. મોદી સરકાર દ્વારા રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માટે મેક ઈન ઈન્ડિયાના માધ્યમથી કેટલાંય પગલાં ભરવામાં આવ્યાં છે, પરંતુ હજુ પણ ઉચ્ચ ટેકનિકવાળા મોટાભાગના સૈન્ય સાજોસામાન માટે તે બીજા દેશો પર નિર્ભર છે, જેમાંથી કેટલાય વિશ્વસનીય નથી. આપણી પાસે આપણા કમ્પ્યૂટર ઓપરેટિંગ સિસ્ટમ અને સોશ્યલ નેટવર્ક પ્લેટફોર્મ સુદ્ધાં નથી. જ્યારે ચીન આ બધામાં સંપૂર્ણ રીતે આત્મનિર્ભર છે. ભારત અને ચીનના સંબંધોમાં હાલની પ્રગતિને વૈશ્વિક પરિપ્રે-યમાં પણ સમજવાની જરૂર છે. સીમા પર સૈન્ય તણાવ ઘટાડવાને લઈને સમજૂતીની જાહેરાતથી એક દિવસ પહેલાં ચીની રાષ્ટ્રપતિએ પોતાની સેનાને યુદ્ધ માટે તૈયાર રહેવાનું કહ્યું હતું. સ્પષ્ટ છે કે જ્યારે ચીની રાષ્ટ્રપતિ આ નિવેદન આપી રહ્યા હતા, ત્યારે સીમા પર સમજૂતીનું માળખું રચાઈ ગયું હતું.

**સમય બદલાયો એમ લોકો ઉત્સવ ઉજવણીનું કારણ ભૂલતાં જાય છે, અને ઉત્સવો તો ઉજવે છે પણ શું કારણ છે એ ભાગ્યે જ કોઈને યાદ હશે!**

# દિવાળી એટલે એક એવી અમાસ જેમાં અંધારાં પર સચ્ચાઈનાં અજવાળાંની જીત થઈ તેમ કહી શકાય



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દિવાળીનો તહેવાર "પ્રકાશના પર્વ" તરીકે જાણીતો છે, આખા વર્ષ દરમિયાન આ એક જ અમાસ એવી છે જે અમાસ હોવા છતાં પણ અજવાળી છે, કારણ કે એ દિવસે બધાના ઘર આંગણામાં દિવા રૂપે સત્ય પ્રકાશ રેલાઈ રહ્યો છે, અને તેનો આધ્યાત્મિક અર્થ થાય છે, "મનના પ્રકાશની જાગૃતિ"નો તહેવાર.**


આજે આસો વદ અમાસ એટલે કે દિવાળીનો શુભ દિવસ, અને એ નિમિત્તે વસુધૈવ કુટુંબનાં સૌ પરિવાર જનોને ખૂબ ખૂબ વધાઈ અને દીવા જેમ સૌનાં જીવન પ્રકાશમય બને એવી અંતરની અભિલાષા. ઉત્સવ એ હિન્દુ સંસ્કૃતિની આગવી પહેચાન છે! અને નાના વર્ગથી માંડી મોટાં વર્ગના સૌ દિવાળી પર્વની હોંશભેર ઉજવણી કરે છે. સમય બદલાયો એમ લોકો ઉત્સવ ઉજવણીનું કારણ ભૂલતાં જાય છે, અને ઉત્સવો તો ઉજવે છે પણ શું કારણ છે એ ભાગ્યે જ કોઈને યાદ હશે! છેક છેવાડાના માનવી સુધી જવું એ ભારતીય સનાતન ધર્મના પાયામાં રહેલ વાત છે. એટલે કે ધર્મના પાયામાં પરોપકાર કે માનવતા રહેલી છે, અહીં સ્વાર્થને સ્થાન નથી! પણ સમયની સાથે સાથે સૌની માનસિકતા ભોગની લાલાયિતાને લીધે સ્વાર્થ તરફ આગળ વધતી જાય છે, જે જીવનને કદાચ સુખમયી બનાવી શકે પણ હર સમય કાલે આ નહીં મળે તો ? એ પ્રશ્ન જીવનનાં સ્થિર શાંતિ એવમ આનંદ ને ટકવા દેતો નથી.તો તહેવાર ઉજવતાં પહેલાં એનું મૂળ કારણ જાણી એને પારંપરિક રીતે એટલે કે સૌની ખુશી વિશે વિચારીને ઉજવીએ. દિવાળીનો તહેવાર "પ્રકાશના પર્વ" તરીકે જાણીતો છે, આખા વર્ષ દરમિયાન આ એક જ અમાસ એવી છે જે અમાસ હોવા છતાં પણ અજવાળી છે, કારણ કે એ દિવસે બધાના ઘર આંગણામાં દિવા રૂપે સત્ય પ્રકાશ રેલાઈ રહ્યો છે, અને તેનો આધ્યાત્મિક અર્થ થાય છે, "મનના પ્રકાશની જાગૃતિ"નો તહેવાર. સ્થૂળ શરીર તન મનની પેલે પાર પણ કશુંક છે, જે શુદ્ધ, અનંત અને અવિનાશી છે, અને તેને આત્મા કહેવાય છે, તેવી એક વિચારધારા મૂળ હિન્દુ તત્વજ્ઞાનનું,કે પછી હિન્દુ સનાતન ધારાનું કેન્દ્ર છે. આપણે જેવી રીતે આપણા સ્થૂળ જન્મને ઉજવીએ છીએ, તેવી રીતે દિપાવલી આંતરિક પ્રકાશનો તહેવાર છે, કે જેને જાણવાથી અંધકાર પણ પ્રકાશમય બને છે,તમામ મુશ્કેલીઓ દૂર થાય છે, અને અજ્ઞાન વિખેરાઈ જાય છે, વ્યક્તિનું પોતાનું સાચુ સ્વરૂપ જાગૃત થાય છે, ત્યારે શરીર તરીકે નહિ, પરંતુ અપરિવર્તનીય, અનંત, વિશ્વવ્યાપી અને ગુણાતીત વાસ્તવિકતા સમજાય છે. આત્માની અનુભૂતિ થતાની સાથે જ, સમગ્ર સૃષ્ટિ માટે સત્ય પ્રેમ કરુણા, અને તમામ વસ્તુઓના વૈરાગ્યની



અને સત્વ તત્વના એકાકારથી જાગૃતિના પ્રકાશથી ઉચ્ચ જ્ઞાન આવે છે. આનાથી આનંદ, આંતરિક ઉલ્લાસ અથવા શાંતિ આવે છે. દિવાળી ફટાકડા, પ્રકાશ, ફૂલો, મિઠાઈઓ તથા ભક્તિ દ્વારા ઉજવવામાં આવે છે. પ્રદેશે-પ્રદેશે દિવાળીની કથા અલગ છે, છતાં પણ તમામનો સાર એકસરખો છે કે, આંતરિક તત્વ આત્માનું અજવાળું જ પાયાનું મુખ્ય સત્ય છે. બીજું કારણ એ છે કે રામનું અયોધ્યામાં આગમન વનવાસ અને યુદ્ધમાં રાવણના મૃત્યુ પછી ૧૪ વર્ષે અયોધ્યાના રાજા રામ પોતાની પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે અયોધ્યા પરત ફર્યા, તેની ખુશીમાં પણ દિવાળી ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે, અંધકારભર્યા માર્ગમાં પ્રકાશ પાથરવા માટે અયોધ્યાના લોકોએ ઘીના દીવા કર્યા હતા. દક્ષિણ ભારતમાંથી રામે પોતાના રાજ્ય ઉત્તર ભારત તરફ મુસાફરી કરી હોવાથી, તેઓ પહેલા દક્ષિણમાંથી પસાર થયાં હતા. આ કારણથી દક્ષિણ ભારતમાં આ તહેવાર એક દિવસ વહેલો ઉજવાય છે. આમ તો દિવાળીનો તહેવાર સૌના જીવનમાં ખુશાલી વ્યાપે, એના માટે ઉજવવામાં આવે છે, અને રાવણ જેવા અહંકાર અને અસત્યનો પૃથ્વી પરથી નાશ થયો છે, હવે કેવળ અને કેવળ રામ તત્વ સમગ્ર ધરા પર વ્યાપ્ત છે, એવા અહોભાવથી આ તહેવાર મનાવવામાં આવે છે, એટલે આપણા અંતર માનસમાં અહમ રૂપે કે અસત્ય રૂપે જો રાવણ બિરાજમાન હોય તો આ દિવાળીએ તેને સમાપ્ત કરી અને માનસ ચોખ્ખું ચણાક કરવાનું છે. આમ તો હિન્દુ સંસ્કૃતિમાં રામ રાવણ અને રામાયણ વિશે સૌ કોઈ જાણે જ છે, રામ એટલે સત્ય અને રાવણ એટલે અસત્ય, રાજા રામની પત્ની સીતા માતાનું હરણ કરીને રાવણ લંકામાં લઈ જાય છે અને સીતા માતાને પાછા મેળવવા માટે રામ અને રાવણનું યુદ્ધ થાય છે તેમાં રામનો વિજય થયો એટલે કે અસત્ય પર સત્યનો વિજય થયો, ત્રેતાયુગમાં પરિસ્થિતિ શું હશે તે ખબર નથી. પરંતુ હાલ તો દરેક જીવમાં રાવણ અને રામ બંને છે માટે આપણે આ દિવાળીના પરબ પર સંકલ્પ કરીએ કે રામ તત્વ પર રાવણ તત્વ પર ક્યારેય હાવી થાય નહીં, એટલે કે અસત્યથી સત્ય દબાઈ જાય નહીં, કે પછી અંધારું અજવાળા પર આવી જાય નહિ. સૌના જીવન સત્યાદિત પ્રકાશમય રહે, અને આ તહેવાર જેવી ખુશાલી કાયમ રહે, અને સમાજમાંથી બદીનો નાશ થાય. રામ રાજ્યની પરિકલ્પના જે, આપણા બધા જ બુદ્ધ પુરુષો એ જોઈ હતી તે આપણે પરિપૂર્ણ કરી, અને વિશ્વમાં ભારતને પણ પ્રકાશમય બનાવીએ,આવો એક શુદ્ધ સંકલ્પ ઈશ્વર ચરણે રાખીએ, સૌના જીવન આ દીપાવલીના દીવડા જેમ ઝગમગ થાય, આવનારું વર્ષ દરેક માટે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ બની રહે,તેમજ માનવી માનવતાના પરમ ધર્મથી જ જીવનમાં સાચી શાંતિને આનંદ પ્રાપ્ત કરી શકાય છે અને એ ઈશ્વરના સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી કરીને અનુભવીએ.વીતેલા સમયમાં જે કંઈ થયું એ હવે નહીં થાય અને અહંકાર એ જ અંધકાર છે, એવું સમયે જ્ઞાન થાય તો જ કામનું છે. વિચારો અત્યારે કદાચ રાવણ આવે તો એ પણ આપણને જોઈને પોતાના ચરિત્ર પર ગર્વ કરે! એ હદે આપણે આપણું જીવન ડહોળી નાખ્યું છે, નીતિ અનીતિ ના દ્વન્દ્વ માં જાણવા છતાં નીતિ ને પસંદ કરી શકતા નથી. ઈમાનદારી પર માત્ર ભાષણ થાય છે! દુઃખ કે સંઘર્ષ આવતા નીતિની વ્યાખ્યા બદલાઈ જાય છે, અથવા તો એની અપેક્ષા સામેવાળા પાસેથી જ રખાય છે. જરુરીયાતોની ફસલ ઉગાડવી હોય એમ નીત નવીનવી ખરીદી થાય છે! અને આમ સંગ્રહખોરી જેવું પાપ અજાણ્યે થાય છે. તો નાની નાની જાગૃતિ જ આપણા જીવનને સંતોષનો ઓડકાર અપાવશે, એ વાત યાદ રાખી આપણે સૌ વસુધૈવ કુટુંબમાં પ્રાકૃતિક સાંસ્કૃતિક પારિવારિક અને આકૃતિક એટલે કે વ્યક્તિગત સંસ્કાર સંવર્ધન નો સંકલ્પ કરી આ દિવાળીએ દીવા મુકીશું. જય શ્રી રામ.

**દેશ સામે અનેક પડકારો આવ્યા, દરેક વખતે વલ્લભભાઇએ દેશના હિતમાં કાર્ય કર્યું, દેશની અખંડિત તાનું એમણે જતન કર્યું**

# અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯મી જન્મ જયંતિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ




વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સરદાર વલ્લભભાઇ પટેલના લોખંડી નેતૃત્વની એક અદ્ભુત દેણ તે દેશી રજવાડાઓનું ભારતમાં એકત્રીકરણ આ પ્રયત્ન ભારતની એકતાને મૂર્તિમંત કરવાનો હતો સરદાર વલ્લભ ભાઇ પટેલનો જન્મ ૩૧મી ઓક્ટોબર ૧૮૭૫માં નડિયાદમાં થયો હતો, લંડન જઇને તેમને બેરિસ્ટરનો અભ્યાસ કર્યો અને પાછા અમદાવાદ આવીને વકીલાત કરવા લાગ્યા, મહાત્મા ગાંધીના વિચારોથી પ્રેરિત થઇને તેમને ભારતના સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લીધો.**


આજે દિવાળીની ઉજવણી ઉત્સાહ ઉમંગભેર થઈ રહી છે ત્યારે યોગાનુયોગ ભારતના ઘડવૈયા અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯મી જન્મ જયંતિ છે તો ભારતના ઘડવૈયા અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભ ભાઈ પટેલનું નામ ઈતિહાસમાં સુવર્ણક્ષરે લખાયેલું છે. એમનો જન્મ નડિયાદમાં ઝવેરભાઈ પટેલના ગૃહે અને માતા લાડબાઈ ના કૂખે ૩૧મી ઓક્ટોબર ૧૮૭૫માં થયો હતો. તેમના લગ્ન ઝવેરબા સાથે થયેલ લગ્ન જીવનમાં મણી બેન અને ડાહ્યાભાઈ બે સંતાનો હતાં. સરદાર પટેલનું જીવન અને કાર્ય એક અમર ઈતિહાસ છે. બાળપણથી જ નીડર, નિઃસ્વાર્થ પણું, અન્યાય સામે ઝઝૂમવાના ગુણો હતા. ધોરણ ચાર સુધી વતન કરમસદ, ત્યારબાદ પેટલાદ અને ત્યાંથી નડિયાદ ખાતે અભ્યાસ કર્યો હતો. નડિયાદમાંથી મેટ્રીક પાસ કરી વકીલ થયા. ૧૯૧૦માં બેરિસ્ટર થવા ઈંગ્લેન્ડ ગયા. ત્યાં સફળતા મળ્યા બાદ ૧૯૧૩માં ભારત પરત ફર્યા. સામેથી આવેલી સરકારી નોકરી ની અનેક લોભામણી ઓફરો ફગાવી અમદાવાદમાં વકીલાત શરૂ કરી. ૧૯૨૧માં વકીલાતને તિલાંજલી આપી. ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી તેઓનો જીવનરાહ બદલાયો કોંગ્રેસમાં જોડાઈ તેઓ ગુજરાત પ્રાંતીય સમિતિના અધ્યક્ષ બન્યા. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં તેઓ સફળ થયા જેથી તેઓ 'સરદાર' ના હુલામણા બિરુદથી ખ્યાતિ પામ્યા. સ્વતંત્રતા મળ્યા પછીના પ્રથમ પ્રધાન મંડળમાં ગૃહખાતા ના હવાલાની સાથે દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી, તેમની વહીવટી કુનેહથી ભારત સ્વતંત્ર થયું ત્યારે ભારતની ૪૦ ટકા પ્રજા દેશી રજવાડાઓના શાસન નીચે હતી. માત્ર બે જ વર્ષમાં દેશી રાજયોનું ભારતીય સંઘમાં વિલીની કરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. આમ સરદાર લોખંડી પુરુષ કહેવાયા. લોખંડી પુરુષ હતા છતાંય પુષ્પ કરતાંય કોમળ હૃદયના હતા. 'હું ગુજરાતીઓને કહું છું કે,' "તમે ભલે દુબળા હોવ,પણ કાળજુ વાઘ-સિંહનું રાખો. સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો. કોઈ તમને અંદરોઅંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો. દેશ સામે અનેક પડકારો આવ્યા.

દરેક વખતે વલ્લભભાઈએ દેશના હિતમાં કાર્ય કર્યું. દેશની અખંડિત તાનું એમણે જતન કર્યું. અખંડ ભારતના શિલ્પી તરીકે તેમનું કાર્ય સદા અવિસ્મરણીય રહેશે. ભારતની ભાવિ પેઢી માટે તેઓ લોકપ્રિય નેતા, અખંડ ભારતના શિલ્પી તથા 'સરદાર' તરીકેની કાર્ય પદ્ધતિથી સદા પ્રેરણા આપતા રહેશે. પ્રસિદ્ધ પત્રકાર અને લેખક ખુશવંતસિંહે 'Truth love and Little Malice' પુસ્તકમાં સરદારના ક્રાંતિકારી જીવનની ઝલક દર્શાવતો એક સુંદર પ્રસંગ આલેખ્યો છે. એને ખુશવંતસિંહના શબ્દોમાં જ માણીએ. 'મને સરદાર પટેલના ઘેર મળવા



માટે સમય આપવામાં આવ્યો હતો. તેમના સચિવે મને બહારના રૂમમાં બેસાડીને કહ્યું, 'પ્રધાનશ્રી બીઝી છે.' થોડી પળમાં ઈન્દોરના મહારાજાની મોટી રોલ્સરોઈસ કાર આવી પહોંચી.એક નૌ સૈનિકે કારનો દરવાજો ખોલ્યો અને મહારાજા નીચે ઊતર્યા. પ્રધાનના સચિવે તેમનું સ્વાગત કર્યું અને તેમને ડ્રોઈંગ રૂમમાં લઈ ગયા. અંદર શું ચાલી રહ્યું છે તે હું જોઈ શકતો હતો. સરદાર ગંભીર વદને કક્ષમાં દાખલથયા અને મહારાજા ને બેસવાનું કહ્યું. તેમણે મહારાજા સાથે હાથ તો ન જ મિલાવ્યા. મહારાજા ઈંગ્લિશમાં ઝડપથી બોલી રહ્યા હતા. સરદારની નજર પોતાના ચંપલ ઉપર સ્થિર થયેલી હતી. આ મહારાજા ભોપાલના નવાબ સાથે મળીને ઈન્ડિયન ગવર્નમેન્ટના નિર્ણય સામે બીજા રાજાઓને એકઠા કરીને વિરોધ કરી રહ્યા હતા. મહારાજાઓને સાલિયાણાં બાંધી આપવાનું વિચારાઈ રહ્યું હતું. ગૃહપ્રધાન તરીકે સરદારના માથે આ મહા રાજાઓની જોડાણખત ઉપર સહીઓ લેવાની જવાબદારી આવી પડી હતી. મહારાજા જે બોલી રહ્યા હતા તે થોડું થોડું મને સંભળાતું હતું. તેઓ પોતાના ઉપર થઈ રહેલા આક્ષેપો જુઠ્ઠા છે તેવું કંઈ કહી રહ્યા હતા. સરદારે તેમને પોતાનો ઊભરો ઠાલવી દેવા દીધો. નજર ઉપર કરી જ નહીં. પછી સરદાર ઊભા થયા અને હું સાંભળી શકું તેટલા મોટા અવાજે બોલ્યા : **'You are a damned liar.'**તમે તદનજૂઠા છો.આટલું કહીને સડસડાટ ચાલ્યા ગયા.ઝંખવાણા પડી ગયેલા મહારાજા પોતાના એડીસી સાથે સીધા રોલ્સરોઈસ તરફ દોડી ગયા. સરદાર પટેલના સેક્રેટરીએ મને કહ્યું કે તેઓ અત્યારે મારી સાથે વાતચીત કરવાના મૂડમાં નથી.' સરદાર વલ્લભભાઈ પટેલના લોખંડી નેતૃત્વની એક અદ્ભુત દેણ તે દેશી રજવાડાઓનું ભારત માં એકત્રીકરણ આ પ્રયત્ન ભારતની એકતાને મૂર્તિમંત કરવાનો હતો સરદાર વલ્લભ ભાઈ પટેલનો જન્મ ૩૧મી ઓક્ટોબર ૧૮૭૫માં નડિયાદમાં થયો હતો. લંડન જઈને તેમને બેરિસ્ટરનો અભ્યાસ કર્યો અને પાછા અમદાવાદ આવીને વકીલાત કરવા લાગ્યા. મહાત્મા ગાંધીના વિચારોથી પ્રેરિત થઈને તેમને ભારતના સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લીધો. સ્વતંત્રતા આંદોલનમાં સરદાર વલ્લભભાઈ પટેલનું પહેલુ એવુ મોટુ યોગદાન ૧૯૧૮માં ખેડા સંઘર્ષમાં હતુ. તેમને ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં ખેડૂત આંદોલનનુ સફળ નેતૃત્વ કર્યુ. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના પહેલા ઉપ વડા પ્રધાન અને ગૃહમંત્રી બન્યા. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ દેશી રજવાડાંઓનુ એકીકરણ કરીને અખંડ ભારત નિર્માણમાં તેમના યોગદાનને ભુલી શકાય એમ નથી તેમને ૫૬૨ નાના-મોટા રજવાડાં ઓને ભારતીય સંઘમાં વિલિની કરણ કરીને ભારતીય એકતાનુ નિર્માણ કર્યુ.મહાત્મા ગાંધીએ સરદાર વલ્લભભાઈ પટેલને લોહપુરુષની ઉપાધિ આપી. ગુજરાતમાં નર્મદાના સરદાર સરોવર બંધની સામે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર (૫૯૭ ફૂટ) ઉંચી પ્રતિમા (સ્ટેચ્યૂ ઓફ યૂનિટી)નુ નિર્માણ કરવામાં આવ્યુ. આ વિશ્વની સૌથી ઉંતી પ્રતિમાં છે. આને ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ એ દેશને સમર્પિત કરવામાં આવી. સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીની ઉંચાઇ માત્ર ૯૩ મીટર છે.

આ સરદાર વલ્લભભાઈ પટેલનુ જ વિઝન હતુ કે ભારતીય વહીવટી સેવાઓ દેશને એક રાખવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમને ભારતીય વહીવટી સેવાઓને મજબૂત બનાવવા પર ખુબ ભાર મુક્યો, તેમને સિવિલ સેવાઓને સ્ટીલ ફ્રેમ કહી હતી. બારડોલી સત્યાગ્રહ આંદોલનના સફળ થયા બાદ ત્યાંની મહિલાઓએ વલ્લભભાઈ પટેલને સરદાર ની ઉપાધિ આપી હતી. કોઈપણ દેશનો આધાર તેની એકતા અને અખંડતતામાં રહેલો હોય છે, અને સરદાર પટેલ દેશની એકતાના સૂત્રધાર હતા. આ જ કારણથી તેમના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવવામાં આવે છે. ૧૨ ડિસેમ્બરે જ્યારે તેઓ તેમના મુંબઈ સ્થિત દિકરા ડાહ્યાભાઈના ઘરે આરામ કરવા વિમાન પ્રવાસ કરવાના હતા ત્યારે તેમની તબીયત નાજુક હતી અને નેહરુ તેમજ રાજ ગોપાલાચારી તેમને વિમાનમથકે મળવા ગયા હતા. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના દિવસે તેમને મોટા હદય હુમાલો થયો હતો (તેમનો બીજો) કે જેના લીધે તેમનુ દેહાંત થયું હતુ. તે દિવસે અભુતપુર્વ તેમજ અનન્ય ઘટનામાં ભારતીય સનદી સેવા તેમજ પોલીસ સેવાના ૧૫૦૦ અધિકારીઓ સરદારના દિલ્હી સ્થીત તેમના રહેઠાણે તેમના દેહાંતના દુઃખમાં સહભાગી થવા મળ્યા હતા અને તેઓએ પ્રણ લીધું હતું કે તેઓ ભારતની સેવા 'પુર્ણ વફાદારી તેમજ અવરિત ઉત્સાહ' સાથે કરશે. સરદારનો અગ્નિદાહ મુંબઈના સોનાપુર સ્થિત સ્મશાનગૃહમાં કરવામાં આવ્યો હતો અને ત્યાં મોટો જન સમુદાય તેમજ નેહરુ,રાજ ગોપાલાચારી અને રાષ્ટ્રપતિપ્રસાદ હાજર હતા. વર્ષ ૧૯૯૧માં સરદાર પટેલને મરણોપરાંત 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. વાચક ચાહક મિત્રો આજે દિવાળી દીપોત્સવીના પાવન પર્વની સૌને શુભેચ્છા સાથે ભારતના શિલ્પી સરદાર વલ્લભ ભાઈ પટેલની ૧૪૯મી જન્મ જયંતિએ શ્રાધ્ધ સુમન અર્પણ કરીએ.



# માધુરી દિક્ષિત કરતાં કાર્તિકની દસગણી ફી

## કાર્તિક, વિદ્યા, માધુરી અને તૃપ્તિની ફિલ્મ 'ભુલભુલૈયા ૩' ૧ નવેમ્બરે રિલીઝ થવાની છે

કાર્તિક આર્યન, વિદ્યા બાલન, માધુરી દિક્ષિત અને તૃપ્તિ ડીમરીની 'ભુલભુલૈયા ૩' ૧ નવેમ્બરે રિલીઝ થવાની તૈયારીમાં છે. સાથે જ આ ફિલ્મ 'સિંઘમ અગેઈન' સાથે ટક્કર લેવા પણ તૈયાર છે. બંને ફિલ્મની ટીમને આશા છે કે આ તેમની ફિલ્મ હિટ જશે. મહત્વની વાત એ છે કે 'ભુલભુલૈયા ૩' ૧૫૦ કરોડના મોટા બજેટમાં બની છે અને તેનો બહુ મોટો હિસ્સો કાર્તિક આર્યનની ફી પાછળ ખર્ચાયો છે. એવા કેટલાંક અહેવાસો આવી રહ્યા છે કે કાર્તિક આર્યને આ ફિલ્મના ત્રીજા ભાગ માટે પોતાની ફી વધારી દીધી હતી. આ ફિલ્મમાં લીડ રોલ માટે કાર્તિકે લગભગ ૪૫-૫૦ કરોડ વસૂલ્યા છે. તેની આ ફી 'ભુલભુલૈયા ૨'માં તેના રૂહબાબાના રોલની ફી કરતાં લગભગ ૨૩૩ ટકા વધારે છે. બીજા ભાગ માટે કાર્તિકને ફી પેટે ૧૫ કરોડ મળ્યા હતા. જેમાં કિઆરા અડવાણી અને તબુ પણ હતાં. આ ફિલ્મની સફળતા પછી ફિલ્મના પ્રોડ્યુસર દ્વારા કાર્તિકને એમસી લોરેન જીટી કાર ગિફ્ટ કરવામાં આવી હતી, જેની ખુબ ચર્ચા થઈ હતી. જો વિદ્યા બાલનની ફીની વાત કરવામાં આવે તો તેણે આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મમાં મંજુલિકાનો રોલ કર્યો હતો.

**તબુની ફી કરતાં વિધાની ફી ૪૦૦ ટકા વધારે હતી**

**બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીની એક તસવીર સોશિયલ મીડિયા પર વાઈરલ થતા વિવાદ ઉભો થયો છે**

# શિલ્પા શેટ્ટીએ મંદિરમાં ફોટો ક્લિક કરાવતા મચી બબાલ

## હકીકતમાં મંદિરની અંદર ફોટા ક્લિક કરવા પર પ્રતિબંધ છે, પરંતુ એક્ટ્રેસનો મંદિરમાં જતો ફોટો પાડવામાં આવ્યો છે

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીની એક તસવીર સોશિયલ મીડિયા પર વાઈરલ થતા વિવાદ ઉભો થયો છે. ઓડિશાના ભુવનેશ્વરમાં લિંગરાજ મંદિર પ્રશાસને શિલ્પાની મંદિરમાં જતી તસવીર અને વીડિયો વાઈરલ થયા બાદ એક સેવાદાર અને એક અધિકારીને કારણ જણાવો નોટિસ આપી છે. હકીકતમાં મંદિરની અંદર ફોટા ક્લિક કરવા પર પ્રતિબંધ છે, પરંતુ એક્ટ્રેસનો મંદિરમાં જતો ફોટો પાડવામાં આવ્યો છે.તસવીર સામે આવ્યા બાદ શ્રદ્ધાળુઓમાં ખૂબ જ નારાજગી છે. ત્યાર બાદ મંદિર પ્રશાસને આ પગલું ભર્યુ છે. પ્રશાસને સવાલ કર્યો કે, એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીને મંદિર પરિસરમાં ફોટો પાડવા અને વીડિયો બનાવવાની મંજૂરી કેવી રીતે આપવામાં આવી, જોકે ત્યાં ફોટો પાડવા કે વીડિયો બનાવવાની મંજૂરી નથી. જણાવવામાં આવી રહ્યું છે કે, સોમવારે શિલ્પા શેટ્ટી એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં હતી. આ દરમિયાન સાંજે તે લિંગરાજ મંદિરના દર્શન કરવા પહોંચી હતી. જ્યાંથી તેની તસવીર સામે આવ્યા બાદ વિવાદ ઉભો થયો હતો.



આ મુદ્દે ભુવનેશ્વરના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અને મંદિર પ્રશાસનના પ્રભારી રૂદ્ર નારાયણ મોહંતીએ જાણકારી આપી કે, 'અમારા ધ્યાનમાં આવ્યું કે, શિલ્પા શેટ્ટીની તસવીર વાઈરલ થઈ છે. અમે આ મામલે એક સેવાદાર અને એક સુપરવાઈઝરને કારણ જણાવો નોટિસ આપી છે અને તેમને સાત દિવસની અંદર સ્પષ્ટીકરણ આપવા પણ કહ્યું છે. સેવાદાર અને એક સુપરવાઈઝર બંને એક્ટ્રેસ સાથે તસવીરમાં જોવા મળ્યા હતાં. વળી, સ્થાનિક ધારાસભ્ય બાબૂ સિંહે પણ આ વાત પર ચિંતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે, મંદિરમાં ફોટો પડાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. એવામાં સવાલ ઉભો થાય છે કે, પ્રતિબંધ છતાં મંદિર પરિસરમાં કેમેરા અથવા મોબાઈલ ફોન કેવી રીતે લઈ જવામાં આવ્યો. જ્યારે વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ મંદિરમાં આવે છે, ત્યારે પણ કેમેરા લઈ જવાની મંજૂરી નથી હોતી. મંદિરમાં આવનાર તમામ ફેમસ હસ્તિઓને મંદિરની અંદર મોબાઈલ ફોન ન લઈ જવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે, પરંતુ તેમ છતાં ભૂલ થઈ છે. આવી ઘટનામાં સામેલ તમામ લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.



**૭૦ દેશોની યુવતીઓ વચ્ચે ભારતની રચેલે તાજ પોતાને નામે કર્યો**

# રચેલ ગુપ્તાએ ભારતની પહેલી મિસ ગ્રાન્ડ ઇન્ટરનેશનલ બનીને ઇતિહાસ રચ્યો

## ૨૦ વર્ષની રચેલ જાલંધરની છે અને ૭૦ દેશોના પ્રતિસ્પર્ધીઓ વચ્ચે તેણે આ બ્યૂટી પેજેન્ટનો તાજ પોતાના નામે કર્યો

ભારતની રચેલ ગુપ્તાએ પ્રતિષ્ઠિત મિસ ગ્રાન્ડ ઈન્ટરનેશનલ ૨૦૨૪નો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. ૨૦ વર્ષની રચેલ જાલંધરની છે અને ૭૦ દેશોના પ્રતિસ્પર્ધીઓ વચ્ચે તેણે આ બ્યૂટી પેજેન્ટનો તાજ પોતાના નામે કર્યો છે. તેમાં પણ સૌથી મહત્વની વાત એ છે કે રચેલે આ સાથે ગ્રાન્ડ પેજેન્ટ ચોઈસ એવોર્ડ પણ જીત્યો છે. આ અંગે પ્રતિસાદ આપતાં રચેલે પોતાના ઈન્સ્ટાગ્રામ પર કહ્યું હતું,''અમે કરી બતાવ્યું! અમે ભારતીય ઈતિહાસનો પ્રથમ સોનેરી તાજ જીતી લીધો છે. મારામાં વિશ્વાસ મુકનાર દરેકની હું આભારી છું. હું વચન આપું છું કે હું તમને નિ:રાશ થવા દઈશ નહીં. હું એક એવી રાણી બનવા માગું છું કે જેનું સામ્રાજ્ય તમે હંમેશા યાદ રાખશો.'' આ સ્પર્ધાના આયોજકોએ પણ સોશિયલ મીડિયા પર આ જીતની ઉજવણી કરી હતી.




રચેલના વખાણ કરતાં લખ્યું હતું,''તેનામાં સુંદરતા, સાવણ્ય અને ખરી કુશળતા છે. અમે આશા રાખીએ કે તે ભવિષ્યમાં જે પણ પગલાં લે એમાં હજુ વધુ તેજથી ચમકે.'' રચેલ ગુપ્તા આ પહેલાં પણ આંતરરાષ્ટ્રિય કક્ષાએ સફળતા મેળવી ચૂકી છે. પહેલાં તેણે ૨૦૨૨માં મિસ સુપર ટેલેન્ટ ઓફ ધ વર્લ્ડનો ખિતાબ જીત્યો હતો. ઓગસ્ટ ૨૦૨૪માં મિસ ગ્રાન્ડ ઈન્ડિયા જીત્યા પછી તે ઈન્ટરનેશનલ પેજેન્ટ માટે ગઈ હતી. ૨૦૨૨માં તેણે પહેલી આંતરરાષ્ટ્રિય સ્પર્ધા જીત્યા બાદ કહ્યું હતું,''હું સમજું છું કે ઘણી મહિલાઓ પોતાના સપના સાકાર કરવામાં ખચકાટ અનુભવે છે. તેની પાછળ ઘણી વખત તેમના પર ભૂતકાળથી મુકી દેવામાં આવેલો જવાબદારીનો ભાર જવાબદાર હોય છે અને ઘણી વખત તેમનામાં આત્મવિશ્વાસની પણ કમી હોય છે.

**'હું હજી જીવિત છું...': એક્ટ્રેસ નીના કુલકર્ણી**

# મૃત્યુના ખોટા સમાચાર ફેલાવનારાઓ પર ભડકી એક્ટ્રેસ નીના કુલકર્ણી

ટીવી શો 'યે હૈ મોહબ્બતેં'માં પોતાની ભૂમિકા માટે જાણીતી પીઢ અભિનેત્રી નીના કુલકર્ણીએ સોશિયલ મીડિયા પર પોતાની મૃત્યુની ખોટી અફવાઓને ફગાવી દીધી છે. ૬૯ વર્ષીય અભિનેત્રીએ કહ્યું કે તે 'જીવંત અને સક્રિય છે.' તેમના ચાહકોને તેના સ્વાસ્થ્ય વિશે ખાતરી આપતા કુલકર્ણીએ કહ્યું કે તે કામમાં વ્યસ્ત છે. હિન્દી અને મરાઠી સિનેમામાં સક્રિય રીતે કામ કરી ચૂકેલી નીના કુલકર્ણીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'યુટ્યુબ પર મારા મૃત્યુ અંગે ખોટા સમાચાર ફરતા થઈ રહ્યા છે. હું અત્યારે સંપૂર્ણપણે જીવંત અને સક્રિય છું અને ભગવાનની કૃપાથી કામમાં વ્યસ્ત છું. મહેરબાની કરીને આવી અફવાઓ પર ધ્યાન ન આપો અથવા તેનો પ્રચાર કરશો નહીં.' હવે તેમના સ્વસ્થ હોવાના સમાચારથી ચાહકો પણ ખુશ છે અને તેમની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક પ્રશંસકે લખ્યું, 'નીના જી, તમે ખરેખર લાંબુ જીવો.' અન્ય એક પ્રશંસકે લખ્યું, 'ભગવાનનો આભાર, તમે ઠીક છો.' તમે લાંબુ અને સ્વસ્થ જીવન જીવો. અન્ય લોકો પાયાવિહોણી અફવાથી રોષે ભરાયા હતા, તેમના પરિવાર અને ચાહકોને થતી ગોપનીયતાના આક્રમણ અને માનસિક તકલીફ અંગે નિરાશા વ્યક્ત કરી હતી. ઘણા લોકોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મને ફેક ન્યૂઝ સામે કડક પગલાં લેવા વિનંતી કરી છે.



# સલમાનની 'વોન્ટેડ' જોઇને મેં સિંઘમ બનાવી : રોહિત શેટ્ટી



સલમાન ખાને હંમેશા સફળ ફિલ્મો આપી છે, તેની ફિલ્મ રિલીઝ થાય અને બ્લોબસ્ટર સાબિત ન થાય એવું બહુ ઓછું બને છે. એક તરફ તેની ઈદ પર રજૂ થનારી ફિલ્મ 'સિકંદર' માટે તેના ફેન્સ ઉત્સાહીત છે, બીજી તરફ હવે તેની 'સિંઘમ અગેઈન'માં એન્ટ્રીથી તેના ફેન્સ વધુ ઉત્સાહમાં આવી ગયા છે. સાથે રોહિત શેટ્ટીએ પણ તેની સિંઘમ ફ્રેન્ચાઈઝી માટે સલમાન ખાનને જવાબદાર ગણાવ્યો છે. છેલ્લાં કેટલાંક દિવસોથી રોહિત શેટ્ટીનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં રોહિત કહે છે,''હું તમને જણાવું કેમ. મેં વોન્ટેડના કારણે સિંઘમ બનાવવાનું નક્કી કર્યુ. એ એવો દોર હતો જ્યારે મલ્ટીપ્લેક્સ શરૂ થઈ રહ્યાં હતાં. એ ૨૦૦૯નું વર્ષ હતું, હું ઓલ ધ બેસ્ટ બનાવી રહ્યો હતો. પીવીઆર હજુ નવું શરૂ જ થયું હતું. એ વખતે કોઈ આવી મસાલા એક્શન ફિલ્મ બનાવતું નહોતું. વોન્ટેડ આ વખતે આવેલી ફિલ્મ હતી, ત્યારે મને થયું કે હવે ફરી એ ફિલ્મોનો દોર શરૂ થયો છે. હવે તો મલ્ટીપ્લેક્સમાં પણ સીટીઓ અને તાલીઓ વાગવા લાગી છે. અને એટલે પછી અમે ૨૦૧૧માં સિંઘમ બનાવી.'' બીજી તરફ સલમાન ખાનની સિકંદર ઈદ ૨૦૨૫માં રિલીઝ થશે.



**ગીતમાં ઓરિજિનલ કલાકાર સાથે કામ કરવાની તક મળી તો મને બહુ જ મજા પડી : માધુરી દિક્ષિત**

# માધુરી દિક્ષિત ફરી અજય દેવગન અને અનિલ કપૂર સાથે ફિલ્મ કરશે

આ અગાઉ પણ એવા અહેવાલો આવ્યા છે કે માધુરી અનિલ કપૂર અને અજય દેવગન સાથે ફરી એક વખત જોવા મળશે. તાજેતરમાં જ માધુરી દિક્ષિતે એક ઈન્ટરવ્યુમાં આ અંગે વાત કરી હતી. સાથે જ તેણે 'ભુલભુલૈયા ૩' વિશે અને 'ધમાલ ૪' અંગે પણ વાત કરી હતી. 'ધમાલ ૪' અંગેના પ્રશ્નમાં માધુરીએ કહ્યું, ''જોકે, હાલ હું એ અંગે વાત કરી શકું તેમ નથી, કારણ કે મને પણ ખબર નથી શું થઈ રહ્યું છે. પરંતુ જેમ બધું ગોઠવાઈ જશે અને કામ શરૂ થશે એવું તરત જ હું તમને જણાવીશ.'' ૨૦૧૯માં ધમાલમાં માધુરી, અજય અને અનિલ સાથે કામ કરી ચૂક્યા છે. જ્યારે કેટલાંક સૂત્રના જણાવ્યા અનુસાર ડિરેક્ટર ઈન્દ્રકુમાર ધમાલ ૪ના શૂટિંગની તૈયારી કરી રહ્યા છે. જ્યારે તૃપ્તિ, કાર્તિક અને વિદ્યા સાથે કામ કરવાના અનુભવ અંગે માધુરીએ જણાવ્યું, ''અદભુત અનુભવ, જાણે એક ઘનિષ્ટ પરિવાર હોય એવું લાગતું હતું.'' માધુરીએ કહ્યું, તેને સેટ પર બહુ મજા આવી હતી. જ્યારે માધુરી અને વિદ્યાના 'આમી જે તોમાર' ગીતની ખાસ ચર્ચા છે, ત્યારે આ અંગે વાત કરતાં માધુરીએ વિદ્યા બાલનના વખાણ કર્યા હતાં. તેણે કહ્યું,''જ્યારે મને આ ઓરિજિનલ ગીતમાં ઓરિજિનલ કલાકાર સાથે કામ કરવાની તક મળી તો મને બહુ જ મજા પડી. જ્યારે તમે આવા લોકો સાથે કામ કરતાં હોય ત્યારે તમને પણ અલગ રીતે કામ કરવાની પ્રેરણા મળે છે. સેટ પર બધાં બહુ જ સાથે મળીને કામ કરતાં હતાં. મેં બહુ જ મજા કરી છે. હું આ ટીમનો ભાગ બનીને ઘણી ઉત્સુક છું.'' અનિસ બાઝમીએ ડિરેક્ટ કરેલી ભુલભુલૈયા ૩ ૧ નવેમ્બરે, દિવાળી સમયે થિએટરમાં રિલીઝ થશે. 'ધમાલ ૪'માં માધુરી ફરી એક વખત જોવા મળશે.



**ટીવી પર સૌથી વધુ જોવાતા શોમાં 'અનુપમા' એક છે**

# અનુપમા ફેમ નિધિ શાહે રુપાલી ગાંગુલીને ઇનસિક્યોર ગણાવી

હાલ ટીવી પર સૌથી વધુ જોવાતા શોમાં 'અનુપમા' એક છે. સાથે જ છેલ્લા કેટલાંક સમયથી આ શો વિવાદમાં પણ રહેવા લાગ્યો છે. ઘણા કલાકારો એક પછી એક આ શો છોડવા લાગ્યા છે, તેના માટે કેટલાંક જાણીતા કલાકારોનું વર્તન અને સેટ પરનો માહોલા જવાબદાર હોવાની ચર્ચા છે. આ શોમાં રૂપાલી ગાંગુલી એટલે કે અનુપમાની વહુનો રોલ કરી રહેલી કિંજલ એટલે કે નિધિ શાહનાં નિવેદનથી હવે નવો વિવાદ શરૂ થયો છે, જેમાં તેણે રૂપાલીને ઈનસિક્યોર ગણાવી છે. તાજેતરમાં જ અલી અસગર અને બખ્તિયાર ઈરાની દ્વારા ચાલતાં પોડકાસ્ટ શો ચડ્ડી બડ્ડી પર અનુપમા શોનાં સુદ્ધાંશું પાંડે, નિધિ શાહ અને પારસ કલનાવત હાજર રહ્યાં હતાં. આ બધાં જ કલાકારો શોનો ભાગ હતાં અને તેમણે થોડાં વખત પહેલાં જ એક પછી એક આ શો છોડી દિધો છે. સુદ્ધાંશુ અને નિધિએ શો છોડ્યો તેમજ પારસને શોમાંથી કાઢી નખાયો હતો.આ પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન અલી અને બખ્તિયારે આ કલાકારોને પૂછ્યું કે શું રૂપાલી સાથે કામ કરવું અઘરું છે એટલે એ લોકોએ શો છોડી દીધો છે. પહેલાં નિધિ આ અંગે ઈનકાર કરતી હતી, તેથી સુદ્ધાંશુ અને પારસ તેન પર હસી રહ્યા હતા. ત્યારે તેણે કહ્યું,''ના એવું નથી, એ સારી કલાકાર છે. હું કોઈ દંભી વાત નથી કરી રહી.



**શું પ્રેગ્નેન્ટ છે સોનાક્ષી સિંહા?**

**પતિ ઝહીર સાથેની લેટેસ્ટ પોસ્ટ જોઈને અભિનંદન આપવા લાગ્યા ફેન્સ**

# લેટેસ્ટ પોસ્ટ જોયા બાદ પ્રેગ્નન્સીની અફવાઓ ફેલાઈ

## સોનાક્ષી સિંહા અને ઝહીર ઈક્બાલે વર્ષ ૨૦૧૭માં ડેટિંગ શરૂ કરી હતી

બોલિવૂડ એક્ટ્રેસ સોનાક્ષી સિન્હા અને એક્ટર ઝહીર ઈકબાલ ૭ વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા બાદ ચાર મહિના પહેલા બંનેએ લગ્ન કર્યા હતા. હવે તેમની લેટેસ્ટ પોસ્ટ જોયા બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે અભિનેત્રી ગર્ભવતી છે અને ટૂંક સમયમાં તેના પહેલા બાળકને જન્મ આપશે. તેની પોસ્ટ વાયરલ થઈ રહી છે. જો કે, અત્યાર સુધી આ અંગે સોનાક્ષી અને ઝહીર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. સોનાખી સિંહાએ થોડા કલાકો પહેલા ૨૮ ઓક્ટોબરના રોજ તેના પાલતુ કૂતરા અને પતિ ઝહીર ઈકબાલ સાથે એક ફોટો શેર કર્યો હતો. તેણે અનારકલી ટાઈપનો લાંબો કુર્તો પહેર્યો છે. આ પહેલા પણ સોનાક્ષી સિન્હા આ દિવસોમાં પોતાની નવા લગ્નજીવનને એન્જોય કરી રહી છે. સોનાક્ષીએ ૨૩ જૂને ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા હતા. આ લગ્નમાં માત્ર કપલનો પરિવાર અને નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. જો કે, આ પછી તેણે એક ગ્રાન્ડ રિસેપ્શન રાખ્યું હતું જેમાં ઘણી ફિલ્મી હસ્તીઓએ ભાગ લીધો. લગ્ન બાદ તેમની તસવીરો અને વીડિયો સતત વાયરલ થઈ રહ્યા છે. હાલમાં જ સોનાક્ષી અને ઝહીરનો એક નવો વીડિયો સામે આવ્યો છે. સોનાક્ષીને આમાં જોયા બાદ લોકો તેની પ્રેગ્નન્સીને લઈને અટકળો લગાવી રહ્યા છે. પહેલાનો વીડિયોમાં સોનાક્ષી સિન્હા પોલ્કા ડ્રેસમાં જોઈ શકાય છે, જે બાદ તેની પ્રેગનન્સીની અટકળોએ જોર પકડ્યું છે. ફિલ્મજ્ઞાને શેર કરેલા વીડિયોમાં જોઈ શકાય છે કે સોનાક્ષી અને ઝહીર એક રેસ્ટોરન્ટમાંથી બહાર આવી રહ્યા છે. બંનેએ ફોટોઝ પણ આપ્યા હતા. સોનાક્ષી પોલ્કા ડ્રેસમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. પહેલાના વીડિયો શેર થતાં જ ફેન્સે પૂછવાનું શરૂ કર્યું કે, શું તે (સોનાક્ષી) ગર્ભવતી છે? એક યુઝરે શું તે પણ ગર્ભવતી છે?'' ખરેખર બોલિવૂડની ઘણી એક્ટ્રેસ લગ્ન પછી પોલ્કા ડોટ ડ્રેસમાં જોવા મળી હતી અને બાદમાં તેમણે પોતાની પ્રેગ્નેન્સીની જાહેરાત કરી હતી. અનુષ્કા શર્માએ પણ પોતાની પહેલી પ્રેગ્નન્સીની જાહેરાત વખતે પોલ્કા ડોટ શોર્ટ ડ્રેસ પસંદ કર્યો હતો. તેને જોઈને એક ચાહકે કમેન્ટ કરી કે, 'પ્રેગ્નન્સી પર અભિનંદન.' બીજાએ પૂછ્યું, 'શું તે ગર્ભવતી છે?'દરેક પરિણીત મહિલાની જેમ સોનાક્ષીએ પણ તેના પતિના લાંબા આયુષ્ય માટે ૨૦ ઓક્ટોબરે કરવા ચોથનું વ્રત રાખ્યું હતું.



## દિવાળી નિમિત્તે સરહદી ગામોની મુલાકાત લેતા પોલીસ અધિકારીઓ

। અમદાવાદ, તા.30 ।

દિવાળીના પર્વ નિમિત્તે પૂર્વ કચ્છ પોલીસ અધિકારીઓએ જાહેર સુરક્ષા હેઠળ વાગડના સરહદી ગામોની મુલાકાત લીધી હતી. આ સાથે પોલીસે રાપર તાલુકાની સરહદે આવેલી બેલા પોસ્ટની બીએસએફ કેમ્પની મુલાકાત લઈ સુરક્ષા જવાનો સાથે બેઠક યોજી હતી.પોલીસ વડા સાગર બાગમારે વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા, બાલાસર પીએસઆઈ એસ.વી. ચૌધરી, ખડીર પીએસઆઈ ડીજી પટેલ, રિદ્દર પીએસઆઈ ડીજે પ્રજાપતિ સાયબર પીએસઆઈ જેઆર અમૃતિયાએ કેમ્પમાં તૈનાત બીએસએફ ઈન્સ્પેક્ટર રામલાલ પંત અને બીએસએફ જવાનોને મળીને દિવાળી અને નવા વર્ષની ઉજવણી કરી હતી. બેલા નજીક. પોલીસ અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓએ એકબીજાને શુભેચ્છા પાઠવી હતી.






















## રાજકોટમાં ધનતેરસે જ બે સોની સહિત પાંચ પેઢી પર જીએસટીની ટીમો ત્રાટકી


। રાજકોટ, તા.30 ।

રાજકોટમાં ધનતેરસના દિવસે જ રાજ્ય જીએસટીની ટીમોએ બે સોની વેપારી સહિત પાંચ પેઢી પર ત્રાટકી તપાસ શરૂ કરી હતી. જેના કારણે સોની બજારમાં ફફડાટ ફેલાયો હતો. જે.કે. તેમજ આર.કે. સિલ્વર એન્ડ ગોલ્ડ સહિતની પાંચ પેઢીમાં વેપારીઓ બિલ વગર કાચી ચિઠ્ઠી ઉપર સોનાનું વેચાણ કરી કરચોરી કરતા હોવાની બાતમીના આધારે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. તપાસના અંતે બેનામી વ્યવહારો સામે આવે તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. દિવાળીના તહેવારને લઈ બજારમાં ખરીદીનો માહોલ જામ્યો છે ત્યારે ખાસ ટેક્સ ચોરી રોકવા માટે જીએસટી વિભાગ પણ સતર્ક બન્યું છે. રાજકોટમાં એક તરફ સોનીબજારમાં લોકો ધનતેરસની શુભ મુહૂર્તમાં ખરીદી કરી રહ્યા હતા, એ જ વખતે સ્ટેટ જીએસટી વિભાગની અલગ અલગ ટીમોએ સોની બજારમાં તપાસ શરૂ કરી હતી.

## દિવાળીમાં સવારે ૬.૨૦ થી સાંજે ૭ વાગ્યા સુધી જ મેટ્રો સેવાઓ ચાલશે

। અમદાવાદ, તા.30 ।

દિવાળીના તહેવારને ધ્યાને લઈને મેટ્રોના સમયમાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે. દિવાળીમાં સવારે ૬.૨૦ થી સાંજે ૭ વાગ્યા સુધી જ મેટ્રો સેવાઓ ચાલશે. દેશભરમાં દિવાળીના તહેવારની ઉજવણી થઈ રહી છે. ત્યારે ગાંધીનગર અને અમદાવાદમાં દિવાળીના તહેવારોને લઈ મેટ્રો સેવાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. દિવાળીના દિવસે સાંજે ૭ વાગ્યા સુધી જ મેટ્રો સેવાઓ ચાલશે. આ નિર્ણય જાહેરમાં ફટાકડા ફોડવા અને તેની અસરોના કારણે લેવામાં આવ્યો છે. દિવાળી પર લોકો સાંજે ફટાકડા ફોડતા હોય છે આતશબાજી કરતા હોય છે. ત્યારે લોકો જાહેર જગ્યાઓ પર પણ આતશબાજી કરતા જોવા મળે છે. ત્યારે આ ફટાકડા અને આતશબાજીને લીધે મેટ્રોના સંચાલનમાં કોઈ સમસ્યા ન આવે કે કોઈ દુર્ઘટના ન થાય એ ધ્યાને લઈને મેટ્રોના સમયમાં ફેરફાર કરીને મેટ્રોને વહેલી બંધ કરી દેવામાં આવશે. દિવાળીના તહેવારને ધ્યાને લઈને મેટ્રોના સમયમાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે.



### RBIએ શાકભાજી-ફળ બજાર અંગે સાચી વાત જણાવી । ખેડૂતોને ૩૦ અને વચેટિયાઓને ૭૦ ટકા મળે છે

# ત્રસ્ત પ્રજાને લૂંટવા વેપારી રોજે રોજ શાકભાજીના ભાવમાં કરી રહ્યા છે ભડકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

શાકભાજીના ભાવ હવે ન પોષાય તે રેન્જમાં આવી ગયા હોવાથી ત્રસ્ત પ્રજાને લૂંટવા માટે વેપારી આલમ રોજને રોજ કોઈને કોઈ બહાના હેઠળ શાકભાજીના ભાવમાં ભડકો કરી રહ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શાકભાજી અને ફળ બજારના સરવે કરીને ખેડૂતોને છૂટક ભાવની તુલનાએ હોલસેલર્સ અને રિટેઈલર્સ મળીને ૭૦ ટકા રકમ સેરવી લેતા હોવાની હકીકત જાહેર કરી તે વાસ્તવમાં બહાર આવી રહી છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પણ એપીએમસીમાં ખેડૂતો વેપારીઓને હાથે લૂંટાઈ રહ્યા હોવાની એક ફરિયાદ કરી છે. શાકભાજીના ભાવ સતત ઊંચા રહેતા હોવાથી ફુગાવાનો દર પણ ઊંચો જઈ રહ્યો છે. આ સીઝનમાં કમોસમી વરસાદ અને પાકના ઓછા ઉતારાને નામે બૂમરાણ મચાવીને શાકભાજીના ભાવમાં ભડકો કરી દેવામાં આવ્યો છે.


એક જમાનો હતો જ્યારે ચોમાસામાં અને શિયાળામાં શાકભાજી એકદમ નીચા આવી જતાં હતા, પરંતુ છેલ્લા થોડા વરસોથી શાકભાજીના ભાવ શિયાળાની કે ચોમાસાની સીઝનમાં પણ ઊંચા જ રહે છે. તેની



સામે ખેડૂતોની આવકમાં અપેક્ષા પ્રમાણેનો વધારો થતો નથી. કારણે વધારેમાં વધારે ફાયદો હોલસેલર્સ અને રિટેઈલર્સ જ ખાઈ જાય છે. તેનાથીય આગળ વધીને વાત કરીએ તો વચોટિયાઓ કે કમિશન એજન્ટ્સ પણ ખેડૂતની આવકમાંથી થોડોગણો હિસ્સો પડાવી લેવાની કવાયત કરી રહ્યા છે. ઓક્ટોબર મહિનાના ત્રણ અઠવાડિયા સુધી બટાકાનો હોલસેલ માર્કેટમાં છૂટક સરેરાશ કિલોદીઠ ભાવ રૂ.૨૧નો રહ્યો છે. તેની સામે બટાકાના છૂટક ભાવ કિલોદીઠ એરિયા પ્રમાણે રૂ. ૫૦થી ૬૦ના બોલાયા છે. હા, સામનો વધુ માલ વેચી દેવા માગતા અને વધુ ટર્નઓવર કરવા માગતા છૂટક વેપારીઓ રૂ.૧૦૦ના અઢી કિલો બટાકા વેચતા હોવાનું પણ જોવા મળ્યું છે. આમ હોલસેલમાં બટેકાના સરેરાશ કિલોદીઠ રૂ.૨૧ના ભાવ સામે છૂટકમાં ૧૫૦ ટકા ઊંચા રૂ. ૫૦ના સરેરાશ ભાવ જોવા મળ્યા છે. અમદાવાદ એપીએમસીમાં ઓક્ટોબરના પહેલા ત્રણથી સાડાત્રણ અઠવાડિયા રોજની બટેકાની સરેરાશ આવક ૨૫૦૦૦ ક્વિન્ટલની રહી છે. આ જ રીતે ડુંગળીનો સરેરાશ રૂ. ૩૪થી ૩૭ના ભાવ સામે છૂટક બજારમાં ડુંગળીના રૂ. ૮૦ના ભાવ બોલાયા છે. સાવ કચરા જેવા દેખાલા ફુલાવરના નંગદીઠ રૂ.૫૦થી ૭૦ ખંખેરી રહ્યા છે.ટામેટાંના સરેરાશ રૂ. ૬૬ના કિલોદીઠ ભાવ સામે છૂટક બજારમાં રૂ. ૧૨૦થી ૧૪૦ જેટલા લઈ રહ્યા છે. હોમ ડિલિવરી આપતી કંપનીઓના માલની ગુણવત્તા ખરાબ હોય તો તેમજ તેના માલના વજન પણ ઓછા હોવાની ફરિયાદ છે. આ સંજોગોમાં આમ આદમીને શાકભાજી ન પરવડે તેવી રેન્જમાં આવી રહ્યા છે. ખેડૂતો ચાર માસની મહેનત પછીય નથી કમાતા તેનાથી ઘણું વધારે એપીએમસીના વેપારીઓ ચાર કલાકમાં કમાઈ લે છે. આ સંજોગોમાં ખેડૂતો પાસેથી ખરીદવાના ભાવ અને છૂટકમાં વેચાતા ભાવ વચ્ચેનો ગાળો નિશ્ચિત કરી આપવો જોઈએ.

**ન્યૂઝ બ્રિફ**

## દિવાળી ટાણે ગાંધીનગરમાં ઝીકા વાયરસનો શંકાસ્પદ કેસ



। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

વાંરવાર વરસાદી ઝાપટા અને વાદળછાળા વાતાવરણને મચ્છરજન્ય રોગચાળાની સિઝન લાંબી ચાલી રહી છે. નવરાત્રિમાં પણ વરસાદી માહોલ છવાયો હતો.વાયરલ બિમારીઓ વધી રહી છે, બીજી બાજુ મચ્છરજન્ય બિમારીઓના કેસ પણ દિવાળી શરૂ થઈ ગયા પછી પણ સતત સામે આવી રહ્યા છે. જે ચિંતાજનક બાબત છે.આ વખતે ડેન્ગ્યુ પણ જીવલેણ સાબિત થઈ રહ્યો છે. તો બીજી બાજુ ચિકનગુનીયાના કેસો પણ સતત વધી રહ્યા છે. મચ્છરથી ફેલાતા ઝીકા વાયરસનો શંકાસ્પદ કેસ ગાંધીનગરમાંથી મળી આવ્યો છે. સેક્ટર-૫માં રહેતા વૃદ્ધની તબિયત લથડતા તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલવામાં આવ્યા હતા. જે દરમ્યાન તબીબોને વૃદ્ધ દર્દીના લક્ષણો અલગ લાગતા તેમણે ઝીકા વાયરસના પરિક્ષણ માટે જરૂરી સેમ્પલ લેવડાવ્યા હતા, અને તે પૂનાની લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

## દિલ્હી સહિત સાત રાજ્યોમાં ફટાકડાં ફોડવા પર નિયંત્રણો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશના સાત રાજ્યોમાં દિવાળીમાં પ્રદુષણના કારણે ફટાકડાં ફોડવાં પર વિવિધ પ્રકારના પ્રતિબંધ મુકાયા છે. આ રાજ્યોમાં દિલ્હી, પંજાબ, હરિયાણા, તમિળનાડુ, બિહાર, મહારાષ્ટ્ર તથા કર્ણાટકનો સમાવેશ થાય છે. દિલ્હી પોલ્યુશન કન્ટ્રોલ કમિટી (ડીપીસીસી)એ સૌથી વધુ પ્રદુષિત એવી દેશની રાજધાની દિલ્હીમાં ફટાકડાંના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ફટાકડાં ફોડવા પર ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી પ્રતિબંધ મુક્યો છે. આ પ્રતિબંધમાં ઓનલાઈન વેચાણનો પણ સમાવેશ થાય છે. માત્ર દિવાળીના દિવસે રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી પર્યાવરણને હાનિકારકના હોય તેવા ગ્રીન ફટાકડાં ફોડવાની મંજૂરી અપાઈ છે. બિહારમાં ગ્રીન ફટાકડાં સહિત તમામ પ્રકારના ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ મુકાયો છે. મહારાષ્ટ્રમાં માત્ર ગ્રીન ફટાકડાં ફોડવાની મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત મુંબઈ પોલીસે ૨૩ ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર સુધી ટુક્કલ પર પણ પ્રતિબંધ મુક્યો છે. કર્ણાટકમાં પણ દિવાળીના દિવસે માત્ર ગ્રીન ફટાકડાં ફોડવાની મંજૂરી અપાઈ છે.


### પ્રોજેક્ટમાં ન જોડાનાર ભારત પછી બ્રાઝિલ બીજો બ્રિક્સ દેશ બન્યો

# ચીનને મોટો ફટકો, BRI પ્રોજેક્ટ માં સામેલ થવા બ્રાઝિલનો ઇનકાર

### બ્રાઝિલ આ અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા વગર ચીન સાથેના સંબંધોને નવા સ્તરે લઈ જવા માંગે છે, અમે કોઈ સંધિ કરી રહ્યાં નથી

। (એજન્સી) બ્રાઝીલિયા, તા.૩૦ ।

બ્રાઝિલે ચીનના અબજો ડોલરના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટીવમાં ન જોડવાનો નિર્ણય કર્યો છે. ચીનના આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ્સમાં સામેલ ન થનારા બ્રાઝિલ ભારત પછી બીજો બ્રિક્સ દેશ બન્યો છે. બ્રિક્સમાંથી વધુ એક દેશ ખસી જતાં આ પગલાંને ભારતની જીત તરીકે લેખાય છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટ મુજબ બ્રાઝિલના આંતરરાષ્ટ્રીય બાબતોના પ્રેસિડન્ટના વિશેષ સલાહકાર સેલ્સો એમોરિમે સોમવારે જણાવ્યું હતું કે પ્રેસિડન્ટ લુલા દા સિલ્વાના નેતૃત્વમાં



બ્રાઝિલ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (બીઆરઆઈ)માં જોડાશે નહીં અને તેના બદલે ચીનના રોકાણકારો સાથે સહયોગ કરવા માટે વૈકલ્પિક માર્ગો શોધશે. બ્રાઝિલ આ અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા વગર ચીન સાથેના સંબંધોને નવા સ્તરે લઈ જવા માંગે છે, અમે કોઈ સંધિ કરી રહ્યાં નથી.અહીં ઉલ્લેખનીય છે કે ચીનના પ્રેસિડન્ટ શી જિનપિંગ ૨૦ નવેમ્બરે બ્રાઝિલની સત્તાવાર મુલાકાતે જવાના છે અને તેઓ આ પ્રોજેક્ટમાં બ્રાઝિલની હિસ્સેદારીની જાહેરાત કરવાના હતાં. જોકે તે પહેલા બ્રાઝિલે ચીનને આંચકો આપ્યો હતો. બ્રાઝિલના અર્થતંત્ર અને વિદેશી બાબતોના મંત્રાલયોના અધિકારીઓએ તાજેતરમાં આ પ્રોજેક્ટ સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. આ બંને મંત્રાલય માને છે કે ચીનના મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં જોડાવાથી તાત્કાલિક લાભ નહીં મળે અને સંભવિત ટ્રમ્પ સરકાર સાથેના સંબંધો જટિલ બનશે.

### સુપ્રીમ કોર્ટે અન્ય કોર્ટને આપી સલાહ

# દહેજ વિરોધી ઉત્પીડનના કાયદાનો દુરુપયોગ ચિંતાજનક : સુપ્રીમ કોર્ટ

### દહેજ ઉત્પીડનના એક કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા દોષી ઠેરવવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટે રદ કરવામાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દહેજ ઉત્પીડનના એક કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા દોષી ઠેરવવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટે દહેજ ઉત્પીડનના કાયદાના દુરુપયોગને લઈને પણ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ સી. ટી. રવીકુમાર, ન્યાયાધીશ સંજય કુમારની બેંચ દ્વારા કોર્ટોને સલાહ અપાઈ છે કે દહેજ ઉત્પીડનના મામલામાં ખોટી હેરાનગતીથી નિર્દોષોનું રક્ષણ થવું જોઈએ સાથે જ વધુ સતર્કતાથી મામલાની સુનાવણી



કરવી. દહેજ ઉત્પીડનના મામલામાં એક વ્યક્તિને નિર્દોશ જાહેર કરતા સુપ્રીમની બેંચે કહ્યું હતું કે અમારુ માનવુ છે કે કોર્ટોએ આવા મામલામાં પુરી તપાસ કરવી જોઈએ, કેટલાક મામલાઓમાં જે આરોપો લગાવવામાં આવે છે તેના કોઈ પુરાવા પણ નથી મળતા. ૨૦૧૦માં પણ પ્રીતિ ગુપ્તા અને ઝારખંડ સરકારના મામલામાં પણ અમે આવુ જ કહ્યું હતું. તે સમયે સુપ્રીમે સરકારને કહ્યું હતું કે દહેજ ઉત્પીડનના કાયદામાં સુધારા કરવામાં આવે. આવુ એટલા માટે કેમ કે મહિલા દ્વારા લગાવવામાં આવતા આરોપોને કારણે પતિ ઉપરાંત તેના પરિવારે પણ સજા ભોગવવી પડે છે. કલમ ૪૯૮એ હેઠળ દહેજ ઉત્પીડનનો કેસ દાખલ કરવામાં આવે છે. જો મહિલાનું તેના પતિ અથવા સાસરિયા દ્વારા દહેજ માટે ઉત્પીડન કરવામાં આવે ત્યારે આ કલમ હેઠળ ફરિયાદ દાખલ થતી હોય છે.



નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને તેમના પરિવાર સાથે વડાપ્રધાન નરેન્દ્રમોદી સાથે મુલાકાત કરી.

### દિવાળી પહેલાં પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ આપ્યા સંકેત

# પેટ્રોલની કિંમતમાં પાંચ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળી શકે છે




। નવી દિલ્હી, તા.૩૦ ।

પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ફરી એકવાર સામાન્ય પ્રજાને રાહત આપતાં સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે આવનારા દિવસોમાં પેટ્રોલની કિંમતમાં ૫ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળી શકે છે. જ્યારે દેશમાં ડીઝલ ૨ રૂપિયા સસ્તું થઈ શકે છે. પેટ્રોલિયમ મંત્રીએ તેમના એક્સ હેન્ડલ પર આ અંગે સંકેત આપ્યા હતા. છેલ્લે માર્ચ મહિનામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે હાલમાં ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૭૧ ડૉલર છે. હરદીપ સિંહ પુરીએ એક્સ હેન્ડલ પર પોસ્ટ કરી જણાવ્યું કે ધનતેરસના શુભ અવસર પર પેટ્રોલ પંપ ડીલરોને ઓઈલ કંપનીઓ દ્વારા અપાયેલી મોટી ભેટ સ્વાગત યોગ્ય છે! ૭ વર્ષથી ચાલતી માગ પૂરી થઈ. હવે ગ્રાહકોને સારી સેવાઓ મળશે, પરંતુ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો નહીં થાય. દૂરસ્થ સ્થાનો (ઓઈલ માર્કેટિંગ કંપનીઓના પેટ્રોલ અને ડીઝલ ડેપોથી દૂર) પર સ્થિત ગ્રાહકોને લાભ આપવા માટે આંતર-રાજ્ય નૂર પરિવહનને તર્કસંગત બનાવવા માટે ઓઈલ કંપનીઓ દ્વારા પણ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. એક્સ હેન્ડલ પર ઉદાહરણો સાથે માહિતી આપતા હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, ઓડિશાના મલકાનગિરીના કુનાનપલ્લી અને કાલિમેલામાં પેટ્રોલના ભાવમાં રૂ. ૪.૬૯ અને રૂ. ૪.૫૫ અને ડીઝલના ભાવમાં રૂ. ૪.૪૫ અને રૂ. ૪.૩૨નો ઘટાડો થઈ શકે છે. તેવી જ રીતે છત્તીસગઢના સુકમામાં પેટ્રોલની કિંમતમાં ૨.૦૯ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૨.૦૨ રૂપિયાનો ઘટાડો થશે. ડીલર કમિશનમાં વધારો અંદાજે ૭ કરોડ નાગરિકોને વધુ સારી સેવાઓ પ્રદાન કરશે જેઓ દરરોજ ઈંધણના ભાવમાં વધારો કર્યા વિના દેશભરમાં અમારા ફ્યુઅલ રિટેલ આઉટલેટ્સની મુલાકાત લે છે. છેલ્લા ૭ વર્ષથી પેન્ડિંગ આ માંગની પરિપૂર્ણતા પેટ્રોલ પંપ ડીલરો અને દેશભરના ૮૩,૦૦૦ થી વધુ પેટ્રોલ પંપ પર કામ કરતા લગભગ ૧૦ લાખ કર્મચારીઓના જીવનમાં સુખ અને સમૃદ્ધિ લાવશે.

### હિન્દુ સમુદાય માટે આ મહત્વપૂર્ણ નિર્ણય

# અમેરિકામાં વ્હાઇટ હાઉસમાં દિવાળીની ઉજવણી કરાઈ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકામાં દિવાળી સેલિબ્રેશન વ્હાઈટ હાઉસમાં પણ ઉજવવામાં આવે છે. બરાક ઓબામા, ટ્રમ્પથી માંડીને બાઈડેન સુધી જે પણ રાષ્ટ્રપતિ રહ્યા છે, તેમણે વ્હાઈટ હાઉસમાં દિવાળી સેલિબ્રેશન કર્યું છે. એટલું જ નહી આ અવસર પર સ્થાનિક સ્તરે આયોજિત કાર્યક્રમોમાં પણ નેતા જઈ રહ્યા છે, પરંતુ આવું પહેલીવાર થશે જ્યારે ન્યૂયોર્કમાં દિવાળી પર સ્કૂલો બંધ રહેશે.

ન્યૂયોર્ક સિટીના મેયર કાર્યાલયમાં ડેપ્યુટી કમિશ્નર તરીકે કામ કરનાર દિલીપ ચૌહાણે તેની જાણકારી આપી છે. તેમણે કહ્યું કે આ વર્ષે દિવાળી સ્પેશિયલ છે. ઈતિહાસમાં પહેલીવાર ન્યૂયોર્કની સ્કૂલો દિવાળીના તહેવારમાં બંધ રહેશે. સ્કૂલોમાં શુક્રવાર ૧ નવેમ્બરના રોજ દિવાળીની રજા રહેશે. દિલીપ ચૌહાણે કહ્યું કે 'ન્યૂયોર્કમાં આવો નિર્ણય લેવો આસાન ન હતો, જ્યાં કુલ ૧૧ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમણે કહ્યું કે હિન્દુ સમુદાયના ઘણા નેતાઓએ થોડા વર્ષો પહેલાં જ તેને લઈને મૂવમેન્ટ શરૂ કરી હતી. તેમણે માંગ કરી હતી કે આવી રજા હોવી જોઈએ. ત્યારે હવે ન્યૂયોર્ક સિટીના મેયર એરિક એડમ્સે સ્વિકારી કરી લીધો છે.

### બાળજન્મ સબિસિડી-દંપતિને કરરાહત આપવાની યોજના

# ચીને બાળકોનો જન્મદર વધારવા પ્રોત્સાહક પોલિસી જાહેર કરી છે

। (એજન્સી) બેઇજિંગ, તા.૩૦ ।

ચીને બાળકોના જન્મદરમાં વધારો કરવા માટે નવા પગલાં જાહેર કર્યા છે. જેમાં બાળજન્મ સબસિડી સિસ્ટમ અને દંપતિ માટે કરરાહતનો પણ સમાવેશ થાય છે. ચીનમાં જન્મદર ઘટી રહ્યો છે ત્યારે આગામી સમયમાં વસતી વિષયક કટોકટીને અટકાવવા ઘણી પોલિસી તૈયાર કરવામાં આવી છે.ચીનની સ્ટેટ કાઉન્સિલ અથવા સેન્ટ્રલ કેબિનેટે સોમવારે ૧૩ ટાર્ગેટેડ પગલાં માટે નિર્દેશ જાહેર કર્યો હતો. જેમાં બાળજન્મને પ્રોત્સાહન આપતી સેવાઓ વધારવા, ચાઈલ્ડકેર સિસ્ટમના



વિસ્તરણ, શિક્ષણ સંબંધી સહાયમાં વૃદ્ધિ, રહેઠાણ અને રોજગારી સહિતની બાબતોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ઘટી રહેલા જન્મદરને કારણે ભારત ગયા વર્ષે ચીનને 'ઓવરટેક' કરી ચુક્યો છે.

# ઝારખંડમાં મની લોન્ડ્રિંગ કેસમાં IAS અધિકારી, અન્યોને ત્યાં ઈડીના દરોડા

। (એજન્સી) રાંચી, તા.૩૦ ।

કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ વિધાનસભા ચૂંટણીના સમયગાળા દરમિયાન ઝારખંડમાં કથિત લીકર કૌભાંડ સંબંધિત મની લોન્ડ્રિંગ મામલાની તપાસ અંતર્ગત મંગળવારે આઈએએસ અધિકારી વિનય કુમાર ચૌબે, રાજ્ય સરકારના કેટલાક અધિકારીઓ અને કેટલાક દારુના વેપારીએ તથા દલાલોના ઘર-ઓફિસો પર દરોડા પાડ્યા છે. ઈડીના અધિકારીના કહેવા પ્રમાણે, રાંચી અને પડોશી રાજ્ય છત્તીસગઢના પાટનગર રાયપુરમાં કુલ ૧૫ સ્થળો પર દરાડો પાડ્યા છે. તાજેતરમાં કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીના ઝારખંડ પ્રાદેશિક કાર્યાલય દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (પીએમએલએ) અંતર્ગત એક ગુનાહિત કેસ નોંધ્યો હતો. છત્તીસગઢ એન્ટિ કરપ્શન બ્યુરોએ નોંધેલી જુદી-જુદી સાત એફઆઈઆરમાં આઈએએસ અધિકારી ચૌબે, સેવાનિવૃત્ત આઈએએસ અધિકારી અનિલ ટુટેજા, રાયપુરના મેયર એજાજ ઢેબરના મોટાભાઈ અનવર ઢેબર, ભારતીય




દૂરસંચાર સેવાના અધિકારી અને છત્તીસગઢ આબકારી વિભાગના પૂર્વ વિશેષ સચિવ અરુણપતિ ત્રિપાઠીની સાથે કેટલાક અન્ય લોકોના નામ સામેલ છે. દરોડાની કાર્યવાહી દરમિયાન સીઆરપીએફના જવાનોએ ઈડીની ટુકડીઓને સુરક્ષા કવર પુરું પાડ્યું હતું. ઈડીના અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે, ઝારખંડ કેડરના ૧૯૯૯ની બેચના આઈએએસ અધિકારી ચૌબે, જે વર્તમાનમાં ઝારખંડ પંચાયતી રાજ વિભાગના સચિવ રહ્યા છે, રાજયના આબકારી વિભાગના સચિવ ગજેન્દ્રસિંહ, દારુના વેપારીઓ અને તેમના સંલગ્ન લોકોના સ્થળો પર તપાસ કરવામાં આવી રહી છે.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



દિવાળી અને નૂતનવર્ષની
**શુભકામનાઓ**

સૌના સાથ, સૌના વિકાસનું નવું વર્ષ
સૌના પ્રયાસો સાથે શુભ બને એવી
**શુભકામના**

## વિકાસના પ્રકાશનું પર્વ

- ગુજરાત બનશે **ભારતનો સિલિકોન ગેટ-વે** : રાજ્યમાં **ચાર સેમિકન્ડક્ટર** પ્લાન્ટ કાર્યરત થશે
- '**પી.એમ. સૂર્ય ઘર: મફત વીજળી યોજના**'માં સમગ્ર દેશમાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન
- **i - ખેડૂત પોર્ટલ, કૃષિ મહોત્સવ, 0% વ્યાજદરે** ખેડૂતોને લોન, ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનોની ખરીદી, સોઇલ હેલ્થ કાર્ડ જેવી કૃષિ ક્ષેત્રની ઉન્નતિને સુનિશ્ચિત કરતી મહત્ત્વપૂર્ણ યોજનાઓ.
- **નારી ગૌરવ** નીતિ ઘડી ગુજરાતે સ્થાપિત કર્યો સીમાસ્તંભ
- ભારતના સૌથી વિશાળ **શોપિંગ ફેસ્ટિવલનું અમદાવાદ**માં આયોજન
- **૨ લાખથી** વધુ **રૂફટોપ સોલર સિસ્ટમ, સૌરક્રાંતિ** તરફના આગે કદમ
- કચ્છના ખાવડામાં વિશ્વનો સૌથી મોટો **રિન્યુએબલ એનર્જી પાર્ક** (ક્ષમતાઃ ૩૭ ગીગાવોટ)
- **નમો લક્ષ્મી:** રાજ્યની **૧૦ થી ૧૨ લાખ વિદ્યાર્થિનીઓને** મળશે લાભ
- **૧૬૦૦** થી વધુ ગરીબ કલ્યાણ મેળા યોજી **૧.૫ કરોડથી વધુ લાભાર્થી**ઓને ₹૩૬,૮૦૦ કરોડની સહાય અપાઈ
- ધોરડોને **સંયુક્ત રાષ્ટ્ર** દ્વારા **બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ**

**આવો, સૌ સાથે મળી વિકાસના દીપ પ્રજ્વલિત કરીએ**

અવિરત વિકાસ, અગ્રેસર ગુજરાત